**સુવિચાર**

આ દુનિયામાં ઘણી સહેલાઇથી છેતરી શકાય તેવી વ્યીકત જો કોઇ હોય તો તે આપણી જાત છે...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક




અહો આશ્ચર્યમઃ હોટલમાં બાંગ્લાદેશની સગીરા પાસે દેહવ્યાપાર... પોલીસનું ભેદી મૌન??? P-4


Year-16, Issue-62 ■ DATE : 19-06-2025 THURSDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI


# વિસાવદરમાં ચુંટણી જંગ જામ્યોઃ મતદારોનો ઉત્સાહ ચરમસીમાએ

**બપોર સુધીમાં વિસાવદરમાં ૩૯.૨૫ ટકા અને કડીમાં ૩૪.૭૯ ટકા મતદાનઃ વિસાવદર વિધાનસભા બેઠકમાં ભાજપના ઉમેદવાર કિરીટભાઈ પટેલ, કોંગ્રેસના ઉમેદવાર નીતિનભાઈ રાણપરીયા અને આપના ઉમેદવાર ગોપાલ ઇટાલીયા વચ્ચે ત્રિપાખીયો જંગ**



**મુખ્ય સમાચાર, વિસાવદર**

વિસાવદર વિધાનસભા પેટા ચૂંટણી માટે આજે સવારથી મતદાનનો પ્રારંભ થયો છે. પ્રારંભે મતદાન મથકો ઉપર લાઈનો લાગી છે. રાજકીય પક્ષના લોકો દ્વારા એડીચોટીનું જોર લગાવવામાં આવી રહ્યું છે. મતદારો પોતાની તરફેણમાં મત આપે એ માટે સામ, દામ, દંડ ભેદ સહિતના નુસખાઓ અજમાવવામાં આવે એવી ચારેકોર ચર્ચા છે. ચૂંટણી પૂર્વેની આખરી રાતે મતદારોને તરફેણમાં કરવા સામ, દામ, દંડ, ભેદની શકયતા વિશેષ જોવાઈ રહી છે. સવારે ૨ કલાકમાં ૧૨.૧૦ ટકા મતદાન થયું હતું.

સમગ્ર રાજ્યમાં ચર્ચાનું કેન્દ્રબની રહેલી વિસાવદર વિધાનસભા પેટાચૂંટણી માટે આજે ૨૯૪ મતદાન મથકો પર મતદાન થઈ રહયુ છે. છે. હવે મતદારો પોતાનો ચુકાદો કોની તરફેણમાં આપે છે એ તા. ૨૩ના મતગણતરી બાદ સ્પષ્ટ થઈ જશે.

ભાજપના ઉમેદવાર કિરીટભાઈ પટેલ કોંગ્રેસના ઉમેદવાર નીતિનભાઈ રાણપરીયા અને આપના ઉમેદવાર ગોપાલ ઇટાલીયા વચ્ચે ત્રિપાખીયો જંગ ખેલાયો છે.

વિસાવદર વિધાનસભા પેટા ચૂંટણી માટે આજે મતદાન થઈ રહ્યું છે. મતદાર પર્યાવરણ પ્રત્યે જાગળત તાલુકાના ગામોમાં આવેલા ૨૯ મતદાન મથકો પર આંબા, આસોપાલવના તોરણ, કુંડા રાખી સુશોભિત કરી બૂથ બનાવવામાં તંત્ર દ્વારા મતદાન જાગળતિ માટે અનેક કાર્યક્રમો કરવામાં આવ્યા છે. મતદારો મતદાન ઉપરાંત પર્યાવરણના જતન અંગે પણ જાગળત વિસાવદર, અને જૂનાગઢ ગ્રામ્ય ત્રણ તાલુકાના મથક તૈયાર કરાશે. વડાલ, વિજાપુર, નવા પીપળીયા, પાતાપુર, નવાગામ, વિશળ હડમતીયા, બરવાળા, કનકાઈ મથકમાં સંદેશાવ્યવહાર માટે વાયરલેસ સેટ વપરાશે. ગીર જંગલમાં વસતા ૧૨૨ મતદારો માટે શેડો મતદાન ઉભું કરવામાં આવ્યું છે. આ મથક પર લીલાપાણી, સુવરડી અને ગોરડવાળા નેસના માલધારીઓ મતદાન કરશે. સંદેશાવ્યવહાર વાયરલેસ સેટનો ઉપયોગ થશે. જિલ્લામાં સૌથી ઓછા મતદાર ધરાવતું મથક આ છે. ગોરવિયાળી, ચુડા, સરદારપુર, રાવણી કુબા, વિસાવદર, કાલસારી, ઘોડાસણ અને લાલપુર મતદાન આંબા, આસોપાલવના તારા, ફૂલનાં કુંડા અખી સુશોભિત કરવામાં આવશે અને બુથ પર વળક્ષારોપણ કરવામાં આવ્યું છે

વિસાવદર મતવિસ્તારના ૨૯૪ મતદાન મથકો માટે બાયોડીગ્રેડેબલ પ્લાસ્ટિકનો ઉપયોગ કરવામાં આવશે. મતદાન પ્રક્રિયા માટે ઈવીએમ, વીવીપેટ ૧૬૨ પ્રકારની ચૂંટણીલક્ષી સ્ટેશનરી સામગ્રી પોલિંગ સ્ટાફને બાયોડીગ્રેડેબલ પ્લાસ્ટિકની બેગમાં આપવામાં આવી છે ૨૯૪ મતદાન મથકોમાં ચૂંટણી સામગ્રી રાખવા બાયોડિગ્રેડેબલ પ્લાસ્ટિકનો વપરાશ થઈ રહ્યું છે

રાજકીય એપી સેન્ટર ધરાવતી આ બેઠકમાં ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી ત્રણેય વચ્ચે ત્રિકોણીયો જંગ છે. ૨૯૪ મતદાન મથકોમાં ૨.૬૧ લાખ મતદારો તેના મતાધિકારનો ઉપયોગ કરશે. સવારે ચુસ્ત બંદોબસ્ત સાથે ચૂંટણી ફરજ પર રહેલા ૧૩૨૩કર્મીઓને માંડાવડ શૈક્ષણિક સંકુલ ખાતેથી ઈવીએમની ફાળવણી કરવામાં આવી હતી બે દિવસમાં વિસાવદરમાં વરસાદ વરસી ગયો છે તંત્ર દ્વારા ઈવીએમને ૨૯૪ મતદાન બુથ સુધી લઈ જવા કુલ ૪૮ રૂટ પર વાહનોની ફાળવણી કરવામાં આવી હતી.

૩૨૩ પ્રિસાઈડિંગ ઓફિસર, ૩૨૩ પોલિંગ અધિકારી, મહિલા અને પુરૂષ પોલિંગ ઓફિસર સહિત કુલ ૧૨૯૨ કર્મીઓને ચૂંટણી ફરજ પર રખાયા છે. ૩૪ ઝોનલ ઓફિસરોની નિયુક્તિ કરવામાં આવી છે. કુલ ૪૮ રૂટ પર વાહનોની ફાળવણી કરવામાં આવી છે. સવારે બે તબક્કામાં કર્મચારીઓને બુથ વાઈઝ ઈવીએમ સોપવામાં આવ્યા હતા. વરસાદની સંભાવનાના કારણે તંત્ર દ્વારા સ્ટ્રોંગ રૂમથી મતદાન બુથ સુધી વિશેષ તકેદારી અને વ્યવસ્થા કરવામાં આવી હતી.

## ઈરાનના અરાક હેવી વોટર રિએક્ટર પર ઇઝરાયેલનો ભયાનક હુમલો

**ઈરાને ઇઝરાયલી સ્ટોક એક્સચેન્જ અને હોસ્પિટલને ઉડાવી દીધી, ૧૭૬ ઘાયલ; અત્યાર સુધીમાં ઈરાનના ૬૩૯ લોકોનાં મોત**



**મુખ્ય સમાચાર, તહેરાન**

ઈઝરાયેલે અગાઉથી આપેલી ચેતવણી બાદ હવે ઈરાનના અરાક હેવી વોટર રીએક્ટર પર ભયાનક હુમલો કરી દીધો છે. ઈઝરાયેલે થોડા કલાકો પહેલા જ અરાક અને તેની બાજુના ગોંબડ સીટી ખાલી કરવા સ્થાનિક લોકોને ચેતવણી આપી હતી અને તેના કલાકોમાં જ ભીષણ હુમલો કરી દેતા જબરી અફડાતફડી વ્યાપી ગઈ છે.

ઈઝરાયેલના અત્યાર સુધીના હુમલામાં ૬૩૯ ઈરાકી નાગરિકોના મોત થયા હોવાનું બહાર આવ્યું છે. ઈરાનનું અરાક હેવીવોટર રીએક્ટર એ તેના અણુકાર્યક્રમનો મોટો હિસ્સો છે અને તેની સાથે અહી મોટા ઘાતક હથિયારોનું પણ ઉત્પાદન થાય છે.

અરાકની બાજુમાં ફોંબડ કે જયાં આઈઆર-૪૦ હેવીવોટર રીએક્ટર છે તે પણ અરાકથી લગભગ ૪૦ કી.મી. દુર છે. આજે યુદ્ધના સાતમા દિવસે ઈરાનનો હુમલો હવે ઈરાક માટે સૌથી મોટો પડકાર બની ગયો છે.

અગાઉ અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પણ તહેરાન ખાલી કરવા માટે ઈરાનને ચેતવણી આપી હતી અને તે મુજબ અમેરિકા પણ યુદ્ધ માટે તૈયારી કરી રહ્યું હોય તેવું માનવામા આવી રહ્યું છે. ઈરાનની આ અણુ સાઈટ એ ૨૦૧૧થી શુદ્ધ યુરોનીયમ બનાવવાની કાર્યવાહીમાં સામેલ છે અને ત્યાંથી યુરોનીયમ અન્યત્ર ખસેડીને તેમાંથી અણુશસ્ત્ર બનાવાય છે.

બીજી તરફ ઈરાને દક્ષિણ ઈઝરાયેલના અનેક મહત્વના મથકો પર હુમલો કર્યો છે. ઈઝરાયેલ પર ઈરાનના મિસાઈલોનો હુમલો ચાલુ છે. દક્ષિણમાં આવેલી સોરોકા હોસ્પીટલ સેન્ટર અને તેની આસપાસ ૧૦ લાખ લોકો રહે અને ઈરાને અહી ઓછામાં ઓછા ૨૦ મિસાઈલ દાગ્યા હતા. તહેરાનની આસપાસ ઈઝરાયેલ હવે વધુ આક્રમક બન્યુ છે.

## અમદાવાદ પ્લેન દુર્ઘટના બાદ સરકારની નિયમો બદલવા તૈયારી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

અમદાવાદમાં ૧૨મી જૂને એર ઇન્ડિયાનું વિમાન ક્રેશ થવાથી દુર્ઘટના સર્જાઈ હતી. જેમાં ૨૭૯ લોકો મોતને ભેટ્યા છે. આ દુર્ઘટના બાદ નાગરિક ઉડ્ડયન મંત્રાલયે એક મહત્ત્વપૂર્ણ નિર્ણય લીધો છે. મંત્રાલયે વિમાન સલામતી માટે જોખમ ઊભું કરતી ભૌતિક રચનાઓ પર નિયંત્રણ કડક બનાવવા માટે નવા ડ્રાફ્ટ નિયમો રજૂ કર્યા છે.

૧૨ જૂનના દિવસે અમદાવાદથી લંડન જતી વખતે એર ઇન્ડિયાનું એક વિમાન ક્રેશ થયું હતું. વિમાને અમદાવાદ ઍરપોર્ટથી ઉડાન ભરી હતી અને થોડા અંતર પછી, વિમાન બીજે મેડિકલ કૉલેજની હોસ્ટેલ સાથે અથડાયું હતું અને તેમાં આગ લાગી હતી. આ અકસ્માતમાં, વિમાનમાં સવાર ૨૪૨ લોકોમાંથી ૨૪૧ લોકોના મોત થયા હતા. આ ઘટના બાદ, કેન્દ્ર સરકાર હવે કડક પગલાં લઈ રહી છે.



નવા ડ્રાફ્ટ નિયમોને 'એરક્રાફ્ટ-૨૦૨૫' નામ આપવામાં આવ્યું છે. આ નિયમો ગેઝેટમાં પ્રકાશિત થતાં જ અમલમાં આવશે. તેનો હેતુ અધિકારીઓને ઍરપોર્ટની આસપાસના નિયુક્ત વિસ્તારોમાં ઊંચાઈ મર્યાદા કરતાં વધુ ઇમારતો અને વૃક્ષો પર તાત્કાલિક કાર્યવાહી કરવા માટે સશક્ત બનાવવાનો છે. આ પહેલને ફ્લાઇટ પાથમાં અવરોધોને કારણે થતાં અકસ્માતોને રોકવા માટેના એક સક્રિય પગલા તરીકે જોવામાં આવી રહ્યું છે.

ડ્રાફ્ટ નિયમો હેઠળ, જો કોઈ માળખું નિર્ધારિત ઊંચાઈથી ઉપર હોવાનું જણાય, તો સંબંધિત વિસ્તારના પ્રભારી અધિકારી દ્વારા નોટિસ જાહેર કરવામાં આવશે. મિલકત માલિકે ૬૦ દિવસની અંદર સાઇટ પ્લાન અને માળખાના માપન સહિત અન્ય વિગતો સબમિટ કરવાની રહેશે. જો આમ કરવામાં ન આવે, તો અધિકારીઓને માળખાને તોડી પાડવા અથવા તેની ઊંચાઈ ઘટાડવા માટે કાર્યવાહી કરવાનો અધિકાર રહેશે.

જો ડિરેક્ટોરેટ જનરલ ઑફ સિવિલ એવિએશન અથવા કોઈપણ અધિકૃત અધિકારીને કોઈ માળખું નિયમોનું ઉલ્લંઘન કરતું જણાય, તો તે તેને દૂર કરવા અથવા ઘટાડવાનો આદેશ જારી કરી શકે છે. માલિકને પાલન કરવા માટે ૬૦ દિવસનો સમય મળશે, જે માન્ય કારણોસર બીજા ૬૦ દિવસ સુધી લંબાવી શકાય છે.

## ટ્રમ્પનો યુટર્નઃ ભારત-પાકે. પોતે જ યુધ્ધવિરામ કરવાનો નિર્ણય કર્યો હતો



**મુખ્ય સમાચાર, વૉશિંગ્ટન**

ભારત અને પાકિસ્તાન વચ્ચે મે યુદ્ધ વિરામ કરાવ્યુ હતું અને બંને દેશો વચ્ચેનું અણુયુદ્ધ પણ અટકાવ્યુ હતું તેવા વારંવાર દાવા કરી રહેલા ડોનાલ્ડ ટ્રમ્પે હવે અચાનક જ યુટર્ન લીધો છે અને ભારત-પાકિસ્તાન એ બંનેએ જ પોતે યુદ્ધવિરામ કરવા નિર્ણય લીધો હોય તેવો દાવો કર્યો છે.

ગઈકાલે જ વડાપ્રધાન મોદીએ પ્રમુખ ટ્રમ્પને સ્પષ્ટ જણાવ્યું હતું કે મધ્ય કાશ્મીર મુદે મધ્યસ્થી કે ભારત-પાકિસ્તાન વચ્ચેના યુદ્ધમાં અમેરિકાની કોઈ ભૂમિકા ન હતી અને રહેશે જ નહી.

ટ્રમ્પે હવે પ્રથમ વખત કબુલ કર્યુ છે કે બંને દેશોના નેતાઓ અત્યંત સ્માર્ટ છે અને તેઓએ અણુયુદ્ધ ભણી લઈ જઈ શકે તે લડાઈ ખત્મ કરવા નિર્ણય લીધો હતો.

આમ કહીને ટ્રમ્પે પોતાની ભૂમિકા નહી હોવાનો આડકતરો સ્વીકાર કરી લીધો છે. મોદી સરકારની આ મોટી ડિપ્લોમેટીક જીત ગણાય છે અને ભારત અત્યાર સુધી જે વાત કહેતુ હતું તે હવે ટ્રમ્પે સ્વીકારવી પડી છે. પ્રથમ વખત ટ્રમ્પે ઓપરેશન સિંદુર અંગે કોઈ ક્રેડીટ લીધી નથી.

## ઈરાનમાં ફસાયેલા ૧૧૦ ભારતીય વિદ્યાર્થીઓ દિલ્હી પહોંચ્યા

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ઈઝરાયલ અને ઈરાન વચ્ચે તણાવ વધી રહ્યો છે. જેને લઈને ઈરાનમાંથી ભારતીય નાગરિકોની સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપતા અને ત્યાથી પરત લાવવા ભારત સરકારે ઓપરેશન સિંધુ શરૂ કર્યું છે.

ત્યારે ઈરાનમાંથી બહાર કાઢવામાં આવેલા ૧૧૦ ભારતીય વિદ્યાર્થીઓનું એક વિમાન ગુરૂવારે ૧૯મી જૂને વહેલી સવારે દિલ્હી પહોંચ્યું છે. આ વિદ્યાર્થીઓને પહેલા ઈરાનથી આર્મેનિયા લઈ જવામાં આવ્યા હતા, ત્યાથી તેમને ભારત પરત લાવવામાં આવ્યા હતા. આ વિદ્યાર્થીઓમાં ૯૦ જમ્મુ-કાશ્મીરના છે, જે મેડિકલનો અભ્યાસ કરતા હતા.

વિદ્યાર્થીઓના પરિવારો દિલ્હી એરપોર્ટ પર તેમના બાળકોની આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા. રાજસ્થાનના કોટાથી આવેલા એક પિતાએ જણાવ્યું હતું કે, મારો પુત્ર ઈરાનમાં બેચલર ઓફ મેડિસિન અને બેચલર ઓફ સર્જરી કરી રહ્યો હતો. તે હવે ભારત સરકાર દ્વારા મોકલવામાં આવેલા ખાસ વિમાન દ્વારા પરત ફર્યો છે. હું ભારતીય દૂતાવાસનો આભાર માનું છું.

ઈરાનથી દિલ્હી પહોંચ્યા પછી વિદ્યાર્થી અમન અઝહરે જણાવ્યું હતુ કે, હું ખૂબ જ ખુશ છું. મારા પરિવારને મળ્યા પછી મને કેવું લાગે છે તે હું શબ્દોમાં વ્યક્ત કરી શકતો નથી.

ઈરાનમાં પરિસ્થિતિ અત્યંત ખરાબ છે. ત્યાંના લોકો પણ આપણા જેવા જ છે, નાના બાળકો પણ મુશ્કેલીમાં છે. યુદ્ધ કોઈના માટે સારું નથી. તે માનવતાને ખતમ કરે છે.

## પુણેના જેજુરી-મોરગાંવ રોડ પર ટેમ્પો અને કાર વચ્ચે અકસ્માતમાં ૮ના મોત

**મુખ્ય સમાચાર, મુંબઇ**

પુણે નજીક જેજુરી-મોરગાંવ રોડ પર બુધવારે ટેમ્પો સાથે કાર ભટકાતાં આઠ જણનાં મોત થયાં હતાં, જ્યારે બે જણ ઘવાયાં હતાં.

પ્રાપ્ત માહિતી મુજબ જેજુરી-મોરગાંવ રોડ પર કિર્લોસ્કર કંપની નજીક શ્રીરામ ઢાબા પાસે બુધવારે સાંજના ૭.૨૦ વાગ્યાની આસપાસ આ અકસ્માત થયો હતો. ઢાબા નજીક ટેમ્પો ઊભો રાખવામાં આવ્યો હતો અને તેમાંથી સામાન ઉતારવામાં આવી રહ્યો હતો. એ સમયે જેજુરથી ઈન્દાપુર જતી કારે ટેમ્પોને જોરદાર ટક્કર મારી હતી.

કારે ટેમ્પોને ટક્કર માર્યા બાદ તે અન્ય કાર સાથે ભટકાઇ હતી. આ અકસ્માતમાં ટેમ્પોમાંથી સામાન ઉતારી રહેલા બે જણ, ઢાબા પાસે ઊભેલા ત્રણ જણ તથા કારમાં હાજર ત્રણ જણને ગંભીર ઇજા પહોંચી હતી અને તેમના ઘટનાસ્થળે મોત નીપજ્યાં હતાં, એમ જેજુરી પોલીસ સ્ટેશનના અધિકારી બનસોડેએ જણાવ્યું હતું.



દરમિયાન અકસ્માતની જાણ થતાં સ્થાનિક પોલીસ સ્ટેશનના અધિકારીઓ ત્વરિત ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. આ અકસ્માતમાં ઘવાયેલા બે જણ સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

## ચોમાસુ આગળ વધ્યુંઃ ૨૦ રાજયોમાં વરસાદી એલર્ટ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દેશમાં એકાદ પખવાડીયા સુધી સ્થગીત રહ્યા બાદ ચાર દિવસથી ફરી સક્રીય થઈ ગયેલુ ચોમાસુ વધુ એક વખત ઝડપથી આગળ દોડવા લાગ્યુ છે અને એક પછી એક નવા રાજયોમાં પ્રવે કરવા લાગતા હવામાન વિભાગ દ્વારા ૨૦ રાજયોમાં વરસાદી એલર્ટ જાહેર કરવામાં આવ્યુ હતું.

હવામાન વિભાગના રિપોર્ટમાં જણાવાયા મુજબ અનુકુળ પરીસ્થિતિની અસર હેઠળ નૈઋત્ય ચોમાસુ ઝડપથી આગળ વધી રહ્યું છે. સોનભદ્ર માર્ગે ઉતરપ્રદેશના કેટલાક ભાગો સુધી પહોંચી ગયુ છે તેના પ્રભાવ હેઠળ વારાણસી, બલિયા, સોનભદ્ર, ગાજીપુર સહિતના ભાગોમા વરસાદ વરસ્યુ છે. દક્ષિણ-પુર્વીય ઉતરપ્રદેશથી શરૂ થયેલો આ વરસાદી દોર ઝડપથી સમગ્ર રાજયમાં ફેલાઈ જવાની સંભાવના છે.



ચોમાસાના આગળ વધવાની રફતારને ધ્યાને લેતાબે દિવસમાં સમગ્ર રાજયમાં પ્રવેશી જવાની સંભાવના છે. હવામાન વિભાગ દ્વારા તા.૨૨ જૂન સુધીમાં ઉતરપ્રદેશ ઉપરાંત બિહાર, મધ્યપ્રદેશ, વિદર્ભ, છત્તીસગઢ, પશ્ચીમ બંગાળ-ગંગાના મેદાનો, ઝારખંડ, ઓડિશામાં ગાજવીજ-વિજળીના કડાકાભડાકા સાથે ભારે વરસાદ થવાની આગાહી કરી છે. ઉપહિમાલયન પશ્ચીમ બંગાળ તથા સિકકીમમાં તા.૨૩ સુધી વરસાદની સંભાવના છે. ઓડીશા-ઝારખંડ માટે બે દિવસ રેડએલર્ટ જાહેર કરાયુ છે.

આ સિવાય આજ તા.૧૯ જૂનથી ૨૪ જૂન સુધી ગુજરાત, કોંકણ, ગોવા, મધ્ય મહારાષ્ટ્ર, મરાઠાવાડાના મોટાભાગના ક્ષેત્રોમાં હળવોથી મધ્યમ વરસાદ પડવાની સંભાવના છે. જયારે તામિલનાડુ, પુડુચેરી, કરાઈકલ, કેરળ, લક્ષદ્વીપ, કર્ણાટક, તટીય આંધ્રપ્રદેશ, તેલંગાણામાં અનરાધાર વરસાદની ચેતવણી આપવામાં આવી છે.


તા.૨૪ સુધી ઉતરાખંડ, ઉતરપ્રદેશ, પુર્વીય રાજસ્થાનમાં ભારે વરસાદ થવાની સંભાવના છે. આ સિવાય જમ્મુ-કાશ્મીર, લદાખ, હિમાચલપ્રદેશ, પંજાબ, હરિયાણા, ચંદીગઢમાં ભારે વરસાદની સંભાવના છે. હવામાન વિભાગની આગાહી મુજબ આવતા બે દિવસમાં તાપમાનમાં બે થી ત્રણ ડિગ્રીનો ઘટાડો થશે અને ત્યારબાદ સ્થિર થશે.

## કોરોનાના નવો સબ વેરિયન્ટ અમેરિકામાં જોવા મળ્યો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

કોરોના વાઈરસના કેસ ફરી વધી રહ્યા છે, જેમાં હવે કોવિડનો એક નવો સબ-વેરિયન્ટ અમેરિકામાં જોવા મળી રહ્યો છે. આ વેરિયન્ટના લક્ષણો અસરગ્રસ્ત દર્દીઓમાં જોવા મળી રહ્યા છે.

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન અને અમેરિકન આરોગ્ય એજન્સીઓ તેના પર નજર રાખી રહી છે. આ વેરિયન્ટનું નામ ગઈ.૧.૮.૧ છે, જેને નિમ્બસ નામથી પણ ઓળખવામાં આવે છે. ખાસ વાત એ છે કે આ વેરિયન્ટ આ પહેલા ચીનમાં પણ જોવા મળ્યો છે. જોકે, ભારતમાં હજુ સુધી તેની હાજરી વિશે કોઈ માહિતી નથી.



આ નિમ્બસ વેરિયન્ટના લક્ષણો વિષે કહેવામાં આવી રહ્યું છે કે, તેના કારણે દર્દીઓને ગળામાં દુખાવો થાય છે. આ કારણે, દર્દીઓ તેને રેઝર બ્લેડ થ્રોટ પણ કહી રહ્યા છે.

આ ઉપરાંત, દર્દીમાં બંધ અથવા વહેતું નાક, થાક, હળવી ઉધરસ, તાવ, શરીરમાં દુખાવો, ઝાડા જેવા લક્ષણો પણ જોવા મળી રહ્યા છે. સેન્ટર્સ ફોર ડિસીઝ કંટ્રોલ એન્ડ પ્રિવેન્શનને ટાંકીને કહેવામાં આવી રહ્યું છે કે ૭ જૂનના રોજ પૂરા થયેલા ૨ અઠવાડિયાના સમયગાળામાં, આ વેરિયન્ટના લગભગ ૩૭% કેસ નોંધાયા હતા.

આ અંગે આરોગ્ય અધિકારીઓએ ચેતવણી આપી છે કે, આ નવો વેરિયન્ટ વિશ્વના એક તૃતીયાંશ કેસનું કારણ બની શકે છે. ભારતીય નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ વાયરોલોજી એ જણાવ્યું હતું કે, તે ઓમિક્રોનના ચાર નવા પેટા પ્રકારોને જીનોમ સિક્વન્સિંગ અને અલગ કરી રહી છે, જે ભારતમાં કોવિડના કેસમાં તાજેતરના વધારા માટે જવાબદાર હોવાનું માનવામાં આવે છે.

એપ્રિલના બીજા અઠવાડિયાથી કોવિડના કેસમાં વધારો જોવા મળ્યો હતો. સમગ્ર ભારતમાં નવા કેસમાં જીનોમ સિક્વન્સિંગ પછી, ઓમિક્રોનના ચાર પેટા પ્રકારો - LF.7, XFG, JN.1.16 અને NB.1.8.1 - મળી આવ્યા છે.

# જુન માસને મેલેરિયા વિરોધી જાહેર કરી આરોગ્ય વિષયક કામગીરી હાથ ધરાઈ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેરમાં વરસાદનું આગમન થઇ ચુક્યું છે. આપણે શહેરને મચ્છરજન્ય રોગો જેવા કે મેલેરિયા, ડેન્ગ્યું, ચિકુનગુનિયા, વગેરેથી બચાવવાના છે. આ કાર્ય શહેરીજનોના સહકાર વિના શક્ય નથી.શું તમે તમારા ધાબા પરનો કાટમાળ દુર કર્યો?, છત પરના વરસાદી પાણીના નિકાલ માટેના આઉટલેટ ચેક કર્યા? ઘરમાં છત.પર ,આજુ-બાજુમાં,આગળ-પાછળના ફળીયામાનો ભંગાર દુર કર્યો? શું તમારા ઘરની આસપાસ પાણી ભરાય રહે તેવા ખાડા-ખાબોચિયા છે? પાણીના ટાંકા-ટાંકી મચ્છર ન પ્રવેશે તે રીતે ઢાંકેલા છે? ઘરની આસપાસ ગાયની કુંડી, પક્ષીકુંજ, ફીઝ પાછળની ટ્રે વગેરેની નિયમિત સફાય થાય છે?



ઉપરોક્ત જણાવેલ બાબતો પ્રત્યે સભાનતા દર્શાવી છત પર, અગાશીમાંથી કાટમાળ-ભંગાર દુર કરો. છત પર વરસાદી પાણીના નિકાલ માટેની પાઈપ લાઈનની સફાઈ કરો. ગાયની કુંડીની અઠવાડિયામાં એકવાર સફાઈ થાય તેનું ધ્યાન રાખો. પક્ષીકુંજનું પાણી દરરોજ બદલી નાંખો, તથા તેની સફાઈ કરી ફરીથી ઉપયોગ કરો. ફ્રીઝ પાછળની ટ્રે અઠવાડિયામાં ઓછામાં ઓછી એક વાર સાફ કરીને ફરીથી ઉપયોગ કરો. પાણી ભરેલાં ટાંકા-ટાંકી તથા અન્ય પાત્રોમાં મચ્છર પ્રવેશી ન શકે તે રીતે ઢાંકીને રાખો.આમ કરવાથી આપણે મચ્છરની ઉત્પત્તિને અટકાવી શકીશું તથા મચ્છરજન્ય રોગો જેવા કે મેલેરિયા, ડેન્ગ્યું, ચિકુનગુનિયાથી બચી શકીશું. આ માટે શહેરના તમામ નાગરિકોએ ઉપર દર્શાવ્યા પ્રમાણેના પગલાં લઇ, શહેરને મચ્છરજન્ય રોગચાળાથી મુક્ત કરીએ. દર રવિવારે ૧૦ મીનીટનો સમય કાઢી. તમામ પાણી ભરાયેલાં પાત્રોની ચકાસણી કરો. મચ્છરની ઉત્પતિ જણાય તો તેને દુર કરો.

# જામનગરમાં એડવોકેટની પત્નીએ પતિ સાથેના ઝઘડા બાદ ગળાફાંસો ખાઇ આત્મહત્યા કરી

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં પ્રણામી ટાઉનશીપ વિસ્તારમાં રહેતા એડવોકેટની પત્નીએ ઘરની બહાર ફરવા જવા બાબતે પતિ સાથે ઝઘડો થયા બાદ ગળાફાંસા દ્વારા આત્મહત્યા કરી લેતાં ભારે ચકચાર જાગી છે. જે મામલે પોલીસ વધુ તપાસ ચલાવે છે.

આ બનાવની વિગત એવી છે કે જામનગરમાં હર્ષદ મિલની ચાલી નજીક પ્રણામી ટાઉનશીપ શેરી નંબર ૬ માં રહેતા અને વકીલાત તરીકેનો વ્યવસાય કરતા એડવોકેટ દિપકભાઈ દામજીભાઈ કટારમર કે જેઓના પત્ની હીનલબેન દીપકભાઈ કટારમલે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળાફાંસા દ્વારા આત્મહત્યા કરી લીધી હતી.આ બનાવ અંગે એડવોકેટ દીપકભાઈ કટારમલે પોલીસને જાણ કરતાં સીટીએ ડિવિઝનના પી.એસ.આઇ એલ.બી.જાડેજા બનાવના સ્થળે દોડી ગયા હતા, અને મૃતદેહનો કબજો સંભાળી વધુ તપાસ હાથ ધરી છે.પોલીસ પૂછપરછમાં એડવોકેટ દિપકભાઈ અને તેમના પત્ની હિનલબેન વચ્ચે સાથે ઘરની બહાર જવા બાબતે બોલા ચાલી થઈ હતી, જેનું મનમાં લાગી આવતાતાં પત્નીએ આપઘાત કરી લીધો છે જે મામલામાં પોલીસ દ્વારા ઊંડાણપૂર્વકની તપાસ ચલાવવામાં આવી રહી છે.

# ઉનાના માંડવી નજીક આવેલ રિસોર્ટ પાસે તળાવમાં દેશી વિદેશી પક્ષીઓનું આગમન

## વિદેશી પક્ષીઓનું આગમન થતાં અદભુત અને સૌંદર્ય નજારો જોવા મળ્યો

**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**

ઉનાના નાલીયા માંડવી નજીક આવેલ રિસોર્ટ નજીક એક તળાવમાં વિદેશી પક્ષીઓનું આગમન થયું છે ત્યારે દર વર્ષ જેમ ચોમાસાનું આગમન થાય છે ત્યારે દેશી વિદેશી પક્ષીઓ આ તળાવમાં જોવા મળતા હોય છે જ્યારે ખુદ તે વિસ્તારમાં ગુજરાતના મુખ્યમંત્રી દ્વારા સાસણ જેવું પરાટક સ્થળ બનાવવાની જાહેરાત કરી હતી જેને લઈને આજુબાજુ ગ્રામ્ય વિસ્તારોમાં ખુશીનો



માહોલ સર્જાયો હતો તમે જોઈ શકો છો કે આ દેશી વિદેશી પક્ષીઓ અહીં જોવા મળતા મળે છે આ સમગ્ર ફોટોગ્રાફી કરનાર ભવ્ય પોપટ સાહેબે તેમના કેમેરામાં અદભુત અને સૌંદર્ય દ્રશ્ય કેદ કર્યા છે ત્યારે ખૂબ ઝડપથી આવનારા સમયમાં પર્યટકો વધારો થશે અને આજુબાજુ વિસ્તારમાં આવા તળાવોની પણ પર્યટકો મુલાકાત લેશે તેવું હાલ જોઈ રહ્યું છે

# જામનગર શહેર અને વિભાપરના બે મિત્રોને સોશિયલ મીડિયામાં હથિયાર સાથેના ફોટા વાયરલ કરવા ભારે પડ્યા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં મયુર નગર વિસ્તારમાં રહેતા એક શખ્સ દ્વારા પોતાના ઈન્સ્ટાગ્રામ આઈડી પર બબ્બે હથિયાર રાખીને સીન સપાટા કરતો ફોટો- વિડિયો પ્રસિદ્ધ કર્યો હતો, જેના આધારે સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનની ટીમ દ્વારા તેની સામે ગુનો નોંધવામાં આવ્યો છે, અને બંને હથીયાર કબજે કરી લેવાયા છે. આ ઉપરાંત તેના જ મિત્ર એવા હાર્ડવેરના વેપારી વિભાપરના શખ્સ દ્વારા પણ પોતાના ઈન્સ્ટાગ્રામની આઈડીમાં એરગન દેખાડીને સીન સપાટા કર્યા હોવાથી સાયબર પોલીસ સ્ટેશનની ટીમ દ્વારા તેની અટકાયત કરી લઈ એર ગન સહિતના ૩ હથિયાર કબજે કરી લેવામાં આવ્યા છે.આ બનાવની વિગત એવી છે કે, આ કામેના આરોપી શિવરાજસિંહ ઉર્ફે શિવો રાજેન્દ્રસિંહ નારૂભા જાડેજા (રહે.મયુરનગર, શારદા સ્કુલ પાસે, જામનગર) વાળાએ પોતાના એક હાથમાં ડબલ બેરલ ગન તથા બીજા હાથમાં પિસ્ટલ વાળો ફોટો રાખી જાહેરમાં નિકળી સોશ્યલ મિડીયા પર પોતાની આઈ.ડી. ફેમસ કરવા પોતાની ઈન્સ્ટાગ્રામ આઇ.ડી. ઉપર પોસ્ટ કરી આજદીન પોતાની ઈન્સ્ટાગ્રામ આઇ.ડી. ઉપર રાખી હતી.

આ ઉપરાંત આરોપી મિત રાજેશભાઇ ભીખાભાઇ પણસારા રહે. વિભાપર ગામ વાળાએ પોતાના હાથમા એરગન ફોટો રાખી જાહેરમાં નિકળી સોશ્યલ મિડીયા પર પોતાની આઈ.ડી. ફેમસ કરવા પોતાની ઈન્સ્ટાગ્રામ આઇ.ડી ઉપર પોસ્ટ કરી આજદીન પોતાની ઈન્સ્ટાગ્રામ આઇ.ડી. ઉપર રાખી બન્ને આરોપીઓએ જીલ્લા મેજીના હથીયારબંધીના જાહેરનામાનો ભંગ કર્યો હોવાથી સીટી સી.ડીવી. પો.સ્ટે.માં બંને આરોપીઓ સામે જી.પી.એકટ કલમ-૧૩૫(૧) મુજબ ગુના નોંધવામાં આવ્યો છે. જેમાં સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનના એએસઆઈ ભગીરથસિંહ જાડેજા જાતે ફરિયાદી બન્યા છે.પોલીસની ટીમ દ્વારા બંને આરોપીઓની અટકાયત કરી લેવામાં આવી છે, અને તેઓ પાસેથી ત્રણ હથિયાર કબજે કરી લેવાયા છે, જ્યારે વધુ પૂછપરછ અને આગળની તપાસ માટે બંને આરોપીઓનો કબજો સીટી સી. ડિવિઝન પોલીસ મથકમાં સુપ્રત કરી દેવાયો છે, જ્યાં પોલીસ હેડ કોન્સ્ટેબલ વધુ તપાસ ચલાવે છે.

# જાહેરમાં ઘોડીપાસાનો જુગાર રમી રહેલા સાત શખ્સો એલસીબીના હાથે ઝડપાયા



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં દિગજામ વુલન મીલ ફાટક ના બ્રિજ નીચે કેટલાક શખ્સો એકત્ર થઈને ઘોડીપાસા વડે જુગાર રમી રહ્યા છે, તેવી બાતમીના આધારે એલસીબી ની ટુકડીએ દરોડો પાડયો હતો, અને સાત શખ્સો ની અટકાયત કરી લઈ રૂપિયા એક લાખ ૧૪ હજારની માલ મતા કબજે કરી છે. જામનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમને ચોક્કસ બાતમી મળી હતી, કે દિગજામ વુલન મીલ ફાટક બ્રિજની નીચે કેટલાક લોકો એકત્ર થઈ ને ઘોડીપાસા વડે જુગાર રમી રહ્યા છે, જે બાતમીના આધારે દરોડો પાડી, જાહેરમાં જુગાર રમી રહેલા કોમલ કાનાભાઈ કોળી, હિતેશ જગદીશભાઈ દુલાણી, જાવેદ ગનીભાઈ કાસમાણી, રાજેશ બાબુભાઈ પરમાર, વિજય વિનોદભાઈ ડાભી, ગોપાલ રામજીભાઈ કટારીયા, અને આસિફ ઓસમાણભાઈ રાઉમા ની અટકાયત કરી લઇ તેઓ પાસેથી રૂપિયા ૧૮,૫૦૦ ની રોકડ રકમ, બે મોટરસાયકલ, ચાર મોબાઈલ સહિત રૂપિયા ૧,૧૪,૦૦૦ની માલમતા કબજે કરી છે.

# પડાણામાંથી ૭૮૦ લીટર દારૂ સાથે એક શખ્સ પકડાયો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના પડાણા ગામના ખારી વિસ્તારમાંથી મોટો દેશી દારૂનો જથ્થો પકડાયો છે. મેઘપર પોલીસ મથકની સર્વેલન્સ ટીમે દરોડો પાડીને ૧.૫૬ લાખની કિંમતનો ૭૮૦ લીટર દેશી દારૂનો જથ્થો જપ્ત કર્યો છે.પોલીસના હેડ કોન્સ્ટેબલ જયદેવસિંહ જાડેજા અને કોન્સ્ટેબલ પ્રદિપસિંહ જેઠવાને મળેલી બાતમીના આધારે આ કાર્યવાહી કરવામાં આવી હતી. પડાણા ગામથી પડાણીયા નદી ખોડીયારઘુના પાસે આવેલ પડતર જગ્યામાં રેડ પાડવામાં આવી હતી.પોલીસે ખારી વિસ્તારના રહેવાસી રામા માલજી સોરીયા (ઉંમર ૩૯, ધંધો-માલધારી)ની ધરપકડ કરી છે. આરોપીએ દારૂનો જથ્થો વેચાણ માટે સંગ્રહ કર્યો હતો. તપાસમાં સામે આવ્યું છે કે દારૂનો જથ્થો રાણાવાવ (જિ. પોરબંદર)ના પોલા



રબારી પાસેથી મેળવવામાં આવ્યો હતો. પોલીસે આરોપી રામા સોરીયા વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે. સપ્લાયર પોલા રબારીને પકડવા માટે પોલીસે શોધખોળ શરૂ કરી છે.

# જામનગરમાં ચાર બાઈકની ચોરી કરનાર બે શખ્સ ઝડપાયા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાંથી જુદા જુદા સમયે ચાર બાઈકની ચોરી કરનાર બે શખ્સને પોલીસે પકડી પાડ્યા છે. ચાર ચોરાઉ બાઈક તથા બે અન્ય બાઈક મળી કુલ રૂ.૧ લાખ ૨૦ હજારના છ બાઈક પોલીસે કબજે કર્યા છે. બંને શખ્સને રિમાન્ડ પર લેવા તજવીજ કરાઈ છે.

જામનગરના જુદા જુદા વિસ્તારમાંથી ચાર આસામીના તાજેતરમાં મોટરસાયકલ ચોરાઈ ગયા હતા. તે ચોરી અંગે પોલીસમાં ફરિયાદ કરવામાં આવ્યા પછી સિટી સી ડિવિઝન પોલીસ સ્ટેશનના સ્ટાફે પીઆઈ એમ.બી. ડાભીના વડપણ હેઠળ તપાસ શરૂ કરી હતી.તે દરમિયાન પીએસઆઈ વી.બી. બરબસીયા તથા સ્ટાફે જે સ્થળેથી મોટરસાયકલની ચોરી થઈ હતી. ત્યાં મુકવામાં આવેલા સીસીટીવી કેમેરાના ફૂટેજ ચકાસવા ઉપરાંત પોલીસના કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટરના સીસીટીવી કેમેરા પણ ચેક કરતા બે શખ્સના સગડ



મળ્યા હતા. આ શખ્સો પોલીસ હેડકવાર્ટર પાછળ આવેલા ગોલ્ડન સિટી નજીકના સાત નાલા પાસે ચોરાઉ બાઈક સગેવગે કરી રહ્યા હોવાની બાતમી મળતા ત્યાં ધસી ગયેલી પોલીસ ટીમે ઢીંચડા રોડ પર તિરૂપતિ સોસાયટી નજીક વસવાટ કરતા બાબુભાઈ જેઠાભાઈ ઢચા અને ઢીંચડા ગામના દીપરાજ નાથાભાઈ માતંગ નામના બે શખ્સને દબોચી લીધા હતા.આ શખ્સોની પૂછપરછ કરાતા તેઓએ જીજે-૧૦-એડી ૨૦૧૬, આરજે-૧૩-એસએસ ૩૧૭૮, જીજે-૧૦-એએસ ૩૦૨૯, જીજે-૧૦-એએ ૮૩૬૨ નંબરના ચાર ચોરાઉ મોટરસાયકલ કાઢી આપવા ઉપરાંત જીજે-૧૦-આર ૩૦૧૦ નંબરનું એક અન્ય હીરો બાઈક તથા નંબર પ્લેટ વગરનું એક બાઈક કાઢી આપ્યું છે.આ શખ્સોએ ચાર વાહન ચોરીની કબૂલાત કરી છે. પોલીસે ચોરાઉ વાહન તથા શક પડતા બે અન્ય બાઈક મળી છ બાઈક કબજે કર્યા છે અને બંને શખ્સને રિમાન્ડ પર લેવાની તજવીજ હાથ ધરી છે.

# જામનગર પોલીસની એસોજી શાખા દ્વારા ડ્રગ્સ સામે યુવા વર્ગને જાગૃત કરવા સેમિનાર યોજાયો



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર પોલીસની એસોજી શાખા દ્વારા ડ્રગ્સ સામે યુવા વર્ગને જાગૃત કરવા જુદા જુદા સ્થળો પર જાગૃતિ અભિયાન અંતર્ગત સેમિનારનું આયોજન કરવામાં આવે છે ત્યારે કાલાવડ ગાર્ડી વિદ્યાપીઠમાં પણ તાજેતરમાં સેમિનાર નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ જોડાયા હતા જામનગર એસઓજી દ્વારા કાલાવડ ગાર્ડી વિદ્યાપીઠ માં યોજાયેલ સેમીનારમાં કુલ ૩૦૦.જેટલા વિદ્યાર્થીઓ તથા કોલેજ સ્ટાફ જોડાયેલ હતા. તેમજ આઈટીઆઈ સેન્ટર કાલાવડ ૧૫૦ જેટલા વિદ્યાર્થીઓ હાજર રહેલ તેમજ નશા ની બદી થી દૂર રહેવા તેમજ તેનાથી થતાં ગેરફાયદા ઉપરાંત પોતાનું પતન, પરિવાર ની બરબાદી રોકવા સેમીનારનું આયોજન કરેલ હતું. ઉલ્લેખનીય છેકે જામનગર પોલીસની એસઓજી શાખા દ્વારા છેલ્લા ઘણા સમયથી ડ્રગ્સ સામે યુવા વર્ગને જાગૃત કરવા જુદા.જુદા સ્થળોએ આવા સેમીનાર યોજાય છે.

# ભાયાવદર રેલ્વે સ્ટેશન રોડ પર કિચડનું સામ્રાજ્ય



**મુખ્ય સમાચાર, ભાયાવદર**
**વિજય રાડીયા**

ભાયાવદરમાં સાગર ચોકથી રેલવે સ્ટેશન રોડ પર ખાડા અને કીચડ હોવાથી વિદ્યાર્થીઓ તેમના વાલીઓ તથા રાહદારી તેમજ વાહન ચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે.ત્યારે આ રોડ ને શહેરનો મુખ્ય માર્ગ ગણવામાં આવે છે. નગરપાલિકા માટી નાખતી નથી અને આરએનબી નવો રોડ બનાવતી નથી.

આ રોડ મોટી પાનેલી, સીદસર, જામજોધપુર, ભાણવડ, લાલપુર અને જામનગર ને જોડે છે.તેમજ ભાયાવદર શહેરની તમામ કચેરી જેમાં નગરપાલિકા, પોલીસ સ્ટેશન, ટેલીોન એકચેન્જ, રેલવે સ્ટેશન સિટી સર્વે, તલાટી ઓફીસ, નાયબ મામલતદાર કચેરી, પોસ્ટ ઓફીસ, સરકારી હોસ્પિટલ તેમજ સરકારી શાળાઓ અને કોલેજ જેવી સંસ્થાઓ આ રોડ ઉપર આવેલ છે.

ચીફ ઓફિસર ડી.એન.કંડોરિયા દ્વારા એવું જાણવા મળ્યું હતું કે આ મુખ્ય રોડ આરએનબી વિભાગમાં આવે છે અને આ રોડને નવો બનાવવા માટે ૫ મહિના પહેલા આ માર્ગ મંજુર પણ થયો ગયો છે. પણ ક્યાં કારણોસર કામ ચાલુ થતુ નથી.

પાંચ મહિના પહેલાં રજૂઆત થઈ છેઃચીફ ઓફિસર હવે જોવાનું એ રહ્યું કે ભાયાવદર પ્રજાના મુખે એક જ ચર્ચા કોણ બનાવશે આ રોડ આર એન બી કે નગરપાલિકા

# સિવીલ હોસ્પિટલ તંત્ર અને રાજ્ય સરકાર કપરા સમયમાં દરેક પીડિત પરિવારની પડખેઃ પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલ

## ગોલ્ડન અવર્સમાં જ ૭૧ જેટલા ઈજાગ્રસ્ત દર્દીઓને સઘન સારવાર અપાઈઃ જેમાંથી ફક્ત 03 ના મૃત્યુ થયા



**મુખ્ય સમાચાર, રાજકોટ**

અમદાવાદમાં થયેલ વિમાન દુર્ઘટના સંદર્ભેની વિગતો આપતાં પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, અમદાવાદના મેઘાણીનગર વિસ્તારમાં તા. ૧૨ જૂન, ૨૦૨૫ના રોજ એર ઈન્ડિયાનું AI-171 (બોઈંગ ૭૮૭-૮) વિમાન ક્રેશ થયું હતું. આ ઘટના ખુબ જ દુખદ છે.

આજે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલની અધ્યક્ષતામાં મળેલી કેબિનેટ બેઠકમાં આ તમામ મૃતકોને શ્રધ્ધાંજલી પાઠવતો શોકદર્શક પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો હતો.

મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, સિવિલ હોસ્પિટલ તંત્ર અને રાજ્ય સરકાર આ કપરા સમયમાં દરેક પીડિત પરિવારની સાથે છે. આ દુર્ઘટનામાં નાગરીકો અને સરકારે તમામે એકજૂટ થઇને દિવસ રાત જે સેવાકીય કાર્ય કર્યુ છે તે બિરદાવવા પાત્ર છે.

દૂર્ઘટનામાં જે પરિવારોએ પોતાના સ્વજનો ગુમાવ્યા છે તેમને મૃતદેહ સમયસર મળી રહે તે માટે આરોગ્યકર્મીઓએ, પોલીસ જવાનો સહિત અન્ય કર્મયોગીઓએ ખુબ જ સરાહનીય કામગીરી કરી છે. હાલ પણ યુધ્ધના ધોરણે આ કામગીરી ચાલુ છે.

મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું કે, વિમાન દુર્ઘટનાના ઈજાગ્રસ્તોને ગોલ્ડન અવર્સમાં સમયસર અને શ્રેષ્ઠ સારવાર આપીને સિવિલ હોસ્પિટલ તંત્રએ શ્રેષ્ઠત્તમ ઉદાહરણ પૂરુ પાડ્યું છે.

જેના પરિણામે જ ઘટનાની ફક્ત ૪૫ થી ૫૦ મીનિટમાં સિવિલ હોસ્પિટલમાં આવેલા ૭૧ જેટલા દર્દીઓને સઘન સારવાર આપીને તેમાંથી ૬૮ ના જીવ બચાવવામાં સફળતા મળી છે

તેમણે બપોરે ૩.૨૫ વાગ્યાની સ્થિતિએ DNA સેમ્પલ મેચીંગ અને મૃતદેહ સોંપણી સંદર્ભેની માહિતી આપતાં જણાવ્યું હતું કે, અત્યાર સુધીમાં કુલ ૨૦૬ DNA સેમ્પલ મેચ થયા છે.

જેમાં ૧૫૪ ભારતીય, ૬ પોર્ટુગીઝ, ૩૭ બ્રિટન અને ૧ કેનેડાના તેમજ ૮ નોન પેસેન્જર નાગરીકનો સમાવેશ થાય છે.

જેમાંથી ૧૬૯ મૃતદેહોને સન્માનપૂર્વક સમગ્ર પ્રક્રિયા ગણતરીની મીનિટોમાં જ પૂર્ણ કરીને પરિવારજનોને સોંપવામાં આવ્યા છે. જેમાં ૧૨૮ ભારતીય, ૪ પોર્ટુગીઝ, ૩૦ બ્રીટન, ૧ કેનેડાના અને ૬ નોન પેસેન્જરને મૃતદેહ સોંપવામાં આવ્યા છે.

તે સિવાય અન્ય ૧૧ મૃતદેહ પણ સન્માનજનક પરિવારોને સોંપવામાં આવ્યા હતા.

# ટંકારા પોલીસે સગીરાનું અપહરણ કરનાર અને મદદ કરનારને ઝડપી પાડયા


**મુખ્ય સમાચાર, મોરબી**

ટંકારા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ સગીરાના અપહરણના ગુનામાં ફરીયાદીની સગીરવયની બાળાને આરોપી ભાવેશભાઈ વરશીભાઈ ચાવડા રહે.કોટડીયા તા.જામ ખંભાળીયા લગ્નની લાલચ આપી લલચાવી ફોસલાવી બદકામ કરવાના ઈરાદે અપહરણ કરી ભગાડી લઇ ગયો હતો. જે ગુનાની તપાસ દરમિયાન પોલીસને બાતમી મળી કે આરોપી ભોગબનનારને ભગાડી અપહરણ કરી રાજસ્થાન રાજયના પાલી જિલ્લાના ખીવાડા (પાચોટીયા) ગામે લઈ ગયો છે. અને ત્યા મજુરી કામ કરતો હોવાની બાતમીના આધારે પોલીસ સબ ઈન્સ્પેક્ટર સહિતની પોલીસ ટીમને રાજસ્થાન ખાતે તપાસમાં મોકલતા આરોપી તેમજ ભોગબનનાર બન્નેને રાજસ્થાન રાજયના પાલી જિલ્લાના



ખીવાડા (પાચોટીયા) ગામેથી હસ્તગત કરી ટંકારા પોલીસ સ્ટેશન ખાતે લાવી આરોપી ભાવેશ વજશીભાઈ ચાવડા રહે. કોટડીયા તા.જામ ખંભાડીયા જી.દેવભુમી દ્વારકા વાળાની ધરપકડ કરવામાં આવી છે. ગુનામાં આરોપી ભોગ બનનારને ભગાડી જવામાં મદદગારી કરનાર તરીકે ગોરધનભાઈ ઉર્ફે રાહુલ જામનગર ખાતેથી પકડી આગળની કાર્યવાહી હાથ ધરી છે. તેમજ સહ આરોપી તરીકે પ્રવિણભાઈ ચાવડા રહે.કોટડીયા જામ ખંભાડીયા તાલુકો દેવભુમી દ્રારકા વાળાનું નામ ખુલતા સહ આરોપીને પકડી પાડયો આગળની કાર્યવાહી હાથ ધરી છે.


# જામનગરમાં વધુ એક નકલી દારૂ બનાવતી મીની ફેકટરી ઝડપાઇ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

એલ.સી.બી પોલીસે નેવી મોડા ગામની સીમમાં દરોડો પાડી ૧૦૫૬ નકલી દારૂના ચપલા સહિત રૂ.૭ ૨૮ લાખના મુદામાલ સાથે છ શખ્સોની ધરપકડ કરી.ડુપ્લીકેટ ઇંગ્લીશ દારૂ બનાવતી ફેકટરી.પકડી પાડતી- જામનગર એલ.સી.બી. પોલીસ મહાનિરીક્ષક રાજકોટ વિભાગ રાજકોટ, અશોકકુમાર પ્રોહીબીશન ધારા હેઠળના કેસો શોધી કાઢવા જણાવેલ હોય, જેથી જામનગર જીલ્લા પોલીસ અધિક્ષક પ્રેમસુખ ડેલૂએ જીલ્લા માથી પ્રોહીબીશન બદીને નેસ્ત નાબુદ કરવા પ્રોહીબીશન કેસો શોધી કાઢવા સુચના કરતા એલ.સી.બી. ના પોલીસ ઇન્સ.વી.એમ.લગારીયા નાઓના દેખરેખ હેઠળ એલ.સી.બી. ના પો.સ.ઇ.પી.એન.મોરી તથા પો.સ.ઇ. સી.એમ.કાંટેલીયા તથા સ્ટાફના માણસો જામનગર ગ્રામ્ય વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા.

દરમ્યાન એલ.સી.બી.સ્ટાફ ના સુમિતભાઇ શિયાર, ભયપાલસિંહ જાડેજા, અજયભાઇ વીરડા કિશોરભાઇ પરમાર,તથા ભરતભાઇ ડાંગર ને સંયુકત રીતે ખાનગી બાતમીદારોથી હકિકત મળેલ કે, જામનગર તાલુકાના



નેવીમોડાગામે રહેતા હરદીપસિંહ ઉર્ફે લાલો સુખુભા જાડેજા તથા શ્રીરાજસિંહ ઉર્ફે સિધ્ધરાજસિંહ ઉપેન્દ્રસિંહ ઝાલા રહે. બન્ને જામનગર વાળા સાથે મળી ભાગીદારીમા રાજસ્થાન ના અર્જુનસીંગ તેજસીંગ સોઢા તથા સુર્યપ્રતાપસીંગ ભાનુપ્રતાપસીંગ રાઠોડને બોલાવી તેમની સાથે મળી હરદીપસિંહ જાડેજાની નેવીમોડાગામ ની વાડીના રહેણાંક મકાનમાં આલ્કોહોલ સ્પીરીટને જરૂરીયાત મુજબ ભેળસેળ કરી ઇંગ્લીશ પીવાનો દારૂ બનાવવા ની ફેકટરી ચલાવી ઇંગ્લીશ દારૂનો જથ્થો વેચાણ કરે છે અને હાલ ઉપરોકત ઇસમો વાડીમા આવેલ ફેકટરીમા હાજર રહી દારૂ બનાવવાની ગે.કા.પ્રવૃતિ ચાલુ હોય લઇ પો.સબ ઇન્સ.સી.એમ.કાંટેલીયા નાઓએ મજકુર ઇસમો તથા તપાસમા ખુલ્લે તે તમામ વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરેલ છે

ડુપ્લીકેટર ઇંગ્લીશ દારૂ લીટર - ૬૦૦ કિ.રૂ. ૨,૪૦,૦૦૦. આલ્કોહોલ સ્પીરીટ થી બનાવેલ ઇંગ્લીશ દારૂ ના ચપલા-૧૦૫૬ કિ.રૂ. ૧,૦૫૬૦૦.ભેળસેળ યુકત દારૂ બનાવવાનો કેમીકલ પદાર્થ લીટર-૯ કિ.રૂ ૨૦૦૦ ઇંગ્લીશ દારૂનો રંગ લાવવા માટે નો વપરાતો કેમીકલ યુકત પદાર્થ તથા ફુડ કલર ૪ બોટલ કિ.રૂ. ૧૩૫૦.ઇંગ્લીશ દારૂ બોટલ ના શીલ માટેના ઢાકણા નંગ- - ૨૦૫૦.ઇંગ્લીશ દારૂ રાખવાના માટે ના બોકસ નંગ-૧૪૯.ઇંગ્લીશ દારૂ ભરવા માટે પ્લાસ્ટીકના પાઉચ- ૯૫૦ કિ.રૂ ૯૫૦૦.ઇંગ્લીશ દારૂ ના પુઠાની પેટીઓ તથા ઢાંકણા ઉપર પ્લાસ્ટીકના સ્ટીકરો -૧૧૧૦ કિ.રૂ. ૧૧૧૦૦.દારૂ ઓલ્કોહોલ માપવાનુ મીટર મશીન- ૧.૧૦દારૂ ઓલ્કોહોલ માપવા દર્શાવતુ બીકર મશીન તથા દારૂની બોટલ શીલ કરવા માટેનુ લોખંડ શીલ મશીન-૩ કિ.રૂ ૪૦૦૦.પ્લાસ્ટીકના બેરેલ-૩.રૂ.૧૫૦૦ મોબાઇલ ફોન-૮ કિ.રૂ.૪૦,૫૦૦ ફોર વ્હીલ કાર કિ.રૂ.૩,૦૦,૦૦૦ટોટલ મુદામાલ કિ.રૂ ૭,૨૮,૪૫૦ નો કબ્જે કરેલ છે

# વરસાદી માહોલને ધ્યાને લઈ ૧૧ માં ‘‘આંતરરાષ્ટ્રીય યોગ દિવસ‘‘ની જિલ્લા કક્ષાની ઉજવણી લોધિકાના બદલે રાજકોટ ખાતે કરાશે

### કાલાવાડ રોડ ખાતેના મલ્ટી પર્પઝ સ્પોર્ટ્સ સંકુલ ખાતે કરાશે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

વરસાદી માહોલને ધ્યાને લઈને ૧૧માં ‘‘આંતરરાષ્ટ્રીય યોગ દિવસ‘‘ની ઉજવણીના કાર્યક્રમ સંદર્ભે જિલ્લા વિકાસ અધિકારી શ્રી અનંદુ સુરેશ ગોવિંદના અધ્યક્ષસ્થાને કલેક્ટર કચેરી ખાતે બેઠક યોજાઈ હતી. જે અન્વયે આગામી તા.૨૧ જૂનના રોજ રાજકોટ જિલ્લામાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની જિલ્લા કક્ષાની ઉજવણી લોધિકા સ્પોર્ટ સંકુલ ખાતે થવાની હતી, પરંતુ વરસાદી સ્થિતિને ધ્યાને રાખીને હવે જિલ્લા કક્ષાની ઉજવણી કાલાવાડ રોડ ખાતેના મલ્ટી પર્પઝ સ્પોર્ટ્સ સંકુલ, રાજકોટ ખાતે કરવામાં આવશે.

આ તકે જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ કાર્યક્રમની રૂપરેખા જણાવીને સ્થળની બેઠક વ્યવસ્થા, પોલીસ બંદોબસ્ત, પરિવહન - પાર્કિંગ વ્યવસ્થા, મેડિકલ વ્યવસ્થા, લાઈવ પ્રસારણ, પ્રચાર - પ્રસાર, પીવાના પાણીની વ્યવસ્થા, સ્વચ્છતા જાળવવા સહિતની કામગીરી અંગે સંબંધિત અધિકારીશ્રીઓ સાથે વિસ્તૃત ચર્ચા કરીને જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. તેમજ સંબંધિત અધિકારીઓને સ્થળ મુલાકાત કરીને નક્કર આયોજન કરવા જણાવ્યું હતું. તેમજ વધુમાં વધુ લોકોને સ્વસ્થ અને તંદુરસ્ત જીવન શૈલી માટે યોગના મહત્વને સમજીને કાર્યક્રમમાં સહભાગી થવા અને પોતાના ઘરે પણ યોગા કરીને યોગાને રોજિંદા જીવનનો ભાગ બનાવવા અપીલ કરી હતી.

આ બેઠકમાં નિવાસી અધિક કલેક્ટર એ.કે.ગૌતમ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક એ.કે.વસ્તાણી, પ્રાંત અધિકારી ચાંદની પરમાર, જિલ્લા રમત વિકાસ અધિકારી રમા મદ્રા, જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રી હિતેશ દિહોરા સહિત સંબંધિત વિભાગના અધિકારીઓ અને કર્મચારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# પડધરીમાં સાધન સહાય એસેસમેન્ટ કેમ્પનો ૧૦૬૬ વરિષ્ઠ નાગરિકોએ લાભ લીધો

### કુલ ૪૪૧ લાભાર્થીઓને રૂ. ૪૫.૬૮ લાખના ૨૭૪૪ સાધનો અપાશેઃ વિવિધ સરકારી યોજનાઓનો સ્થળ પર જ લાભ મેળવતાં વડીલો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જિલ્લાના પડધરી તાલુકાના ૬૦ વર્ષથી વધુ વયના સિનિયર સીટીઝનો માટે જિલ્લા કલેકટરશ્રી પ્રભવ જોશીના માર્ગદર્શન હેઠળ ભારત સરકારની ‘રાષ્ટ્રીય વયોશ્રી યોજના’ અંતર્ગત તા. ૧૭ જૂન, ૨૦૨૫ના રોજ કવિશ્રી દાદ સરકારી વિનયન અને વાણીજ્ય કોલેજ ખાતે એસેસમેન્ટ કેમ્પ યોજાયો હતો. આ કેમ્પ એલીમ્કોના સહયોગથી વડીલોને વોકીંગ સ્ટીક, કાંખઘોડી, ટ્રાઈપોડ, વોકર, હિયરીંગ એઈડ મશીન, ફોલ્ડીંગ વ્હીલ ચેર, આર્ટીફિશીયલ દાંત (ચોખઠા), સ્પાઈનલ સપોર્ટ, રોલેટર જેવા સાધનો વિનામૂલ્યે આપવાના હેતુસર યોજાયો હતો.

રાજકોટ ગ્રામ્ય નાયબ કલેકટર અને લાયઝન અધિકારીશ્રી વિમલકીર્તી ચક્રવર્તીની સૂચના મુજબ આયોજિત આ કેમ્પમાં આધાર કાર્ડ, ઈ-કે.વાય.સી., આવકના દાખલા, બી.પી.-ડાયાબીટીસ ચેકઅપ, કેન્સર સ્ક્રીનિંગ સ્ટોલ, પી.એમ.જે.વાય. કાર્ડ જેવી સરકારી સહાયનો સ્થળ પર જ લાભ અપાયો હતો. આ કેમ્પમાં વયોવૃદ્ધ લાભાર્થીઓની પાસે રહેલા તેમના આધાર પુરાવાની નકલ મેળવવા માટે જિલ્લા વહીવટી તંત્ર તરફથી ઝેરોક્ષ કરાવવાનો સ્ટોલ પણ રખાયો હતો.

આ કેમ્પમાં સાંજના ૦૫ કલાક સુધીમાં કુલ ૧૦૬૬ લાભાર્થીઓએ વિવિધ સેવાઓનો લાભ લીધો હતો. અલીમ્કો દ્વારા સાધન સહાય માટે એસેસમેન્ટ કરીને ૪૪૧ લાભાર્થીઓની પસંદગી કરાઈ હતી, જેઓને કુલ રૂ. ૪૫,૬૮,૦૬૭ના કુલ ૨૭૪૪ સાધનો અપાશે. ઉપરાંત, તાલુકા પંચાયત દ્વારા કુલ ૮૦ જેટલા આવકના દાખલા અપાયા હતાં. એસ.ટી. વિભાગ દ્વારા સીનીયર સીટીઝન સંબંધિત યોજનાઓ વિશે ૧૨ લાભાર્થીઓને સમજ અપાઈ હતી. આરોગ્ય વિભાગ દ્વારા ૧૫૩ લાભાર્થીઓના બ્લડપ્રેશર-ડાયાબીટીસ ટેસ્ટ કરાયા હતાં. ૪૨ વરિષ્ઠ નાગરિકોના રાશન કાર્ડની કામગીરી કરાઈ હતી. ૨૨૫ લોકોને ક્ષય, મેલેરીયા જેવા રોગની જાણકારી આપતી પત્રિકાઓ અપાઈ હતી. ૧૨ લોકોને પી.એમ.જે.એ.વાય કાર્ડ અપાયા હતાં. સહાય શાખા દ્વારા નિરાધાર વૃદ્ધ સહાય યોજનાના કુલ ૨૮ ફોર્મ સ્થળ પર ભરાયા હતાં. એસ.બી.આઈ.ના કર્મચારીઓ દ્વારા વિવિધ યોજનાઓ અંગે ૫૫ લાભાર્થીઓને અવગત કરાયા હતાં. તેમજ ૧૮ વડીલોના આધાર કાર્ડની કામગીરી કરાઈ હતી.

આ કેમ્પને સફળ બનાવવા માટે કુલ ૦૫ તબીબ તથા અંદાજિત ૬૫ જેટલા કર્મચારીઓએ જહેમત ઉઠાવી હતી. આ તકે મામલતદારશ્રી કે. જી. સખીયા, પડધરીની આગેવાનીમાં રેવન્યુ શાખા, આરોગ્ય શાખા, સામૂહિક આરોગ્ય કેન્દ્ર, તાલુકા પંચાયત, લીડ બેંક મેનેજર, એસ.બી.આઈ. શાખા, બેંક ઓફ ઈન્ડીયા, ડેપો મેનેજર, જી.એસ.આર.ટી.સી.ના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# માતા સરસ્વતીના સાધક એવા વિદ્યાર્થીઓ માટે વરદાનરૂપ ‘નમો સરસ્વતી વિજ્ઞાનસાધના યોજના’

### રાજકોટ જિલ્લામાં ૧૧ હજારથી વધુ વિદ્યાર્થીઓને અપાઈ રહ્યો છે લાભ

**મુખ્ય સમાચાર, રાજકોટ**
**આલેખનઃ માર્ગી મહેતા**

૨૧મી સદી વિજ્ઞાન અને ટેકનોલોજીની સદી છે, જેમાં જીવનના દરેક ક્ષેત્રમાં આઈ.ટી. અને સંલગ્ન તકનીકો મહત્વનો ભાગ ભજવે છે. ઉચ્ચ કક્ષાની નવી રોજગારીની તકો માટે વિજ્ઞાન પ્રવાહનું શિક્ષણ ખુબ જરૂરી છે. ગુજરાત સરકારે વિજ્ઞાન પ્રવાહના અભ્યાસક્રમોમાં શિક્ષણને પ્રોત્સાહન આપવાના આશયથી વર્ષ ૨૦૨૪માં ‘નમો સરસ્વતી વિજ્ઞાનસાધના યોજના’નો આરંભ કર્યો છે.

રાજકોટ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી દીક્ષિતભાઈ પટેલના માર્ગદશન હેઠળ સમગ્ર જિલ્લામાં શાળાકીય વિદ્યાર્થીઓના શિક્ષણલક્ષી યોજનાઓનું સુદ્રઢ અમલીકરણ થઈ રહ્યું છે. શાળા સલાહકારશ્રી ભાવનાબેન ભોજાણીએ જણાવ્યું હતું કે, રાજકોટ જિલ્લામાં હાલમાં ૧૧,૫૦૦થી વધુ વિદ્યાર્થીઓને ‘નમો સરસ્વતી વિજ્ઞાનસાધના યોજના’નો લાભ અપાઈ રહ્યો છે.

નમો સરસ્વતી વિજ્ઞાનસાધના યોજના

‘નમો સરસ્વતી વિજ્ઞાનસાધના યોજના’ અંતર્ગત વિદ્યાર્થીઓને ધોરણ ૧૧માં માસિક રૂ. ૧૦૦૦ લેખે કુલ ૧૦ મહિનામાં રૂ. ૧૦ હજાર અને ધોરણ ૧૨માં માસિક રૂ. ૧૦૦૦ લેખે કુલ ૧૦ મહિનામાં રૂ. ૧૦,૦૦૦ની સહાય તથા ધોરણ ૧૨માં ઉત્તીર્ણ થયા બાદ રૂ. ૫૦૦૦ મળીને કુલ રૂ. ૨૫,૦૦૦ની સહાય અપાય છે. જે વિદ્યાર્થીઓ ધોરણ ૧૦માં રાજ્ય બોર્ડની પરીક્ષામાં ૫૦% કે તેથી વધુ ગુણ મેળવી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ અથવા કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા પ્રાપ્ત રાજ્યની સરકારી / અનુદાનિત / સ્વનિર્ભર શાળાઓમાં ઉચ્ચતર માધ્યમિક વિજ્ઞાન પ્રવાહમાં પ્રવેશ મેળવે, તેવા વિદ્યાર્થીઓને જ આ યોજનાનો લાભ મળે છે.

ઉલ્લેખનીય છે કે, ‘નમો લક્ષ્મી યોજના’નો લાભ લેતી વિદ્યાર્થીનીઓ ‘નમો સરસ્વતી વિજ્ઞાનસાધના યોજના’નો પણ લઈ શકે છે. આ યોજનાનો લાભ મેળવવા માટે શાળામાં વિદ્યાર્થીઓની માસિક હાજરી ૮૦% હોવી જરૂરી છે. શાળા દ્વારા જ વિદ્યાર્થીની ઓનલાઈન અરજી કરાય છે. લાભાર્થીને સહાયની ચૂકવણી સીધી જ લાભાર્થીના માતાના બેન્ક ખાતામાં ડાયરેક્ટ બેનીફીટ ટ્રાન્સફરના માધ્યમથી જમા કરાય છે.

આ યોજનાનો આશય એ પણ છે કે, રાજ્યમાં વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થાય. આમ, આ નમો સરસ્વતી વિજ્ઞાનસાધના યોજનાના માધ્યમથી માતા સરસ્વતીના સાધક એવા વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓને આર્થિક સહાય આપીને શિક્ષણ માટે પ્રોત્સાહન પૂરું પાડવામાં આવે છે.

# અજાણી લાશના વાલી-વારસને પોલીસ સ્ટેશને સંપર્ક કરવા સૂચના

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશન વિસ્તારમાં મોટા મવા ગામ પ્રાથમિક શાળા પાછળ ખુલ્લા પ્લોટમાંથી બેભાન હાલતમાં એક વ્યક્તિ મળી આવી હતી. જેની ૧૦૮ દ્વારા તપાસ કરતાં તા. ૧૩ - જૂન ૨૦૨૫ના રોજ સાંજે ૫.૪૫ કલાકે મૃત જાહેર કરાયા હતા. મૃતકના વાલી-વારસને સીટી રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશન ફોન નં ૬૩૫૯૬ ૨૭૪૧૫ તથા શહેર કંટ્રોલ રૂમ મો. નં.૮૩૨૦૯ ૬૫૬૦૬ નો સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

### ગ્રામ પંચાયત ચૂંટણી-૨૦૨૫

# મતદાન દિવસ તા. ૨૨ જૂને સંબંધિત શ્રમયોગીઓ/કર્મચારીઓને સવેતન રજા આપવા સુચના

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જિલ્લામાં આગામી તા. ૨૨ જૂન ૨૦૨૫, રવિવારના રોજ ગ્રામ પંચાયતની ચૂંટણી માટે મતદાન યોજાનાર છે. ત્યારે રાજકોટ જિલ્લાનો દરેક મતદાર પોતાની પવિત્ર મતદાનની ફરજ નિભાવી શકે તે માટે રાજકોટ જિલ્લાના મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા શ્રમયોગીઓને સવેતન રજા આપવા માટે જણાવવામાં આવ્યું છે.

જે અનુસાર ગ્રામ પંચાયત ચૂંટણી ૨૦૨૫માં જે તે વિસ્તારની સંસ્થાઓમાં કામ કરતાં શ્રમયોગીઓ / કર્મચારીઓ પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે ગુજરાત શોપ્સ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટસ (રેગ્યુલેશન ઓફ એમ્પ્લોયમેન્ટ એન્ડ કંડીશન્સ ઓફ સર્વિસ) એક્ટ - ૨૦૧૯ હેઠળ અઠવાડિક રજા જો મતદાનના દિવસે ન હોય તો અઠવાડિક રજા બદલી કરીને દુકાન અથવા સંસ્થામાં નોકરી કરતાં દરેક વ્યકિતની મતદાનના દિવસે રજા મંજૂર કરવાની રહેશે અથવા કર્મચારીઓ/કામદારોને મતદાન માટે વારાફરતી ત્રણ કલાકની ખાસ રજા આપવાની રહેશે.

# રાજકોટમાં ૧૯-૨૦ જૂને સિનિયર સિટિઝન માટે સાધન સહાય મુલ્યાંકન કેમ્પ યોજાશે

### જુની કે.ટી. ચિલ્ડ્રન હોસ્પિટલ ખાતે સવારે નવથી સાંજે પાંચ સુધી કેમ્પનો લાભ લઈ શકાશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કેન્દ્ર સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય હેઠળની વયોશ્રી યોજના અંતર્ગત, રાજકોટમાં સિનિયર સિટિઝનોને વિનામુલ્યે વિવિધ સાધનો આપવા બે દિવસ સાધન સહાય મુલ્યાંકન કેમ્પનું આયોજન કરાયું છે. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા શહેરમાં તા. ૧૯ તથા ૨૦ જૂનના રોજ, જુનિ કે.ટી. ચિલ્ડ્રન હોસ્પિટલ, સિવિલ હોસ્પિટલ ખાતે સવારે નવથી સાંજે પાંચ સુધીમાં આ કેમ્પ યોજાશે.

જેમાં સિનિયર સિટિઝનોને વિનામુલ્યે વોકિંગ સ્ટીક, કાંખઘોડી, ટ્રાઇપોડ, વોકર, હિયરિંગ એઈડ મશીન, ફોલ્ડીંગ વ્હીલચેર, આર્ટિફિશિયલ દાંત (ચોખઠા), સ્પાઈનલ સપોર્ટ, રોલેટર વગેરે સાધનોની જરૂરિયાતનું મુલ્યાંકન એલિમ્કો કંપની દ્વારા કરવામાં આવશે. આ કેમ્પમાં સિનિયર સિટિઝનોને પી.એમ. જે.એ.વાય. કાર્ડ પણ કાઢી આપવામાં આવશે. આ કેમ્પમાં આધારકાર્ડની નકલ, રૂ. ૧.૮૦ લાખની મર્યાદામાં કોર્પોરેટર અથવા મામલતદારશ્રીનો આવકનો દાખલો અથવા બી.પી.એલ. રેશનકાર્ડ (જો હોય તો) સાથે લાવવાના રહેશે. આ કેમ્પનો લાભ લેવા માટે ૬૦ વર્ષની ઉપરના સિનિયર સિટિઝનોને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અપીલ કરવામાં આવી છે.

# રાજકોટના સખી વન સ્ટોપ સેન્ટરે સુરતથી ઘર છોડી રાજકોટ આવેલી પરણિતાનું કાઉન્સેલીંગ કરીને પતિ સાથે રાજીખુશીથી સુરત પરત મોકલી

### ઘરકામની બાબતમાં પતિની વાતનું માઠું લાગી જતાં ઘરેથી નીકળી ગયા હતા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ઘણીવાર નાની અમથી ગેરસમજણ અને ક્રોધના કારણે સંબંધોના સેતુઓ તુટી જતા હોય છે. ત્યારે સખી વન સ્ટોપ સેન્ટરે ગેરસમજણ દૂર કરીને વિખુટા પડેલા અનેક પરિવારોને ફરીથી એક કરાવ્યા છે. આવા જ એક કિસ્સામાં રાજકોટના ‘‘સખી વન સ્ટોપ સેન્ટરે’’ સુરતના એક દંપતીના લગ્ન સંસારને તુટતા બચાવ્યો છે.

રાજકોટ સખી વન સ્ટોપ સેન્ટર દ્વારા મળેલી માહિતી અનુસાર, અરજદાર મુળ સુરતના રહેવાસી છે. ૨૩ વર્ષીય મહિલા અરજદારના પાંચ માસ પહેલા જ બીજા લગ્ન થયા છે. પતિ હીરા ઘસવાનું કામ કરે છે. સંયુકત પરિવારમાં પરણિતાને સાસુ-સસરા પણ દીકરીની જેમ રાખતાં હતા. પરંતુ જ્યારથી ૨ માસનો ગર્ભ રહ્યો, ત્યારથી ઘરના સભ્યોનો વ્યવહાર બદલાઈ ગયો હતો.

અરજદારે જણાવ્યું હતું કે, નાદુરસ્ત તબિયતના કારણે મોડું ઉઠાતું હતું. ઘરકામ કરવા છતાં પણ પ્રશ્નો ઉભા થતાં હતા. તેમજ પાડોશીઓ દ્વારા પણ વાતો કરવામાં આવતી હતી કે, હું આખો દિવસ સુતી રહું છું. પાડોશીઓની વાતો પર વિશ્વાસ કરીને મારા પતિએ પણ મને પરોક્ષ રીતે દોષિત ઠેરવી હતી.

પરણિતાને પતિની વાતનું માઠું લાગતા ઘરેથી નીકળીને અમદાવાદ ચાલ્યા ગયા હતા અને ત્યાંથી રાજકોટ બસ સ્ટેશન પહોંચ્યા હતા. લોકોએ પરણિતાને બસ સ્ટેશન બેસેલાં જોઈને મદદ માટે પૂછ્યું હતું અને રાજકોટ સખી વન સ્ટોપ સેન્ટરનો સંપર્ક કરાવ્યો હતો. પરણિતાને પણ આશ્રય તથા કાઉન્સિલીંગની જરૂર જણાતાં સખી વન સ્ટોપ સેન્ટરમાં આશ્રય લીધો હતો. રાજકોટ સખી વન સ્ટોપ સેન્ટરની ટીમે પરણિતાના પતિ અને સસરાને સુરતથી બોલાવીને આ બધી બાબતોની વિગતવાર ચર્ચા કરી હતી અને સમજણ આપતા પતિ-પત્ની વચ્ચેની સમસ્યાનું નિરાકરણ કરાવ્યું હતું. આમ, રાજકોટ સખી વન સ્ટોપ સેન્ટરે પરિવારના માળાને વિખેરાતા બચાવીને પરણિતાને પતિ સાથે રાજીખુશીથી સુરત પરત મોકલી હતી.

# ‘યોગ સાથે કર્મયોગના જોડાણ થી બનશે મહાયોગ’: કર્મયોગ મંદિર દ્વારા વિશ્વ યોગ દિવસની થશે ગરીમા પૂર્ણ ઉજવણી



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં છેલ્લા ૧૭ વર્ષથી યોગ પ્રાણાયામ ના અભ્યાસ સાથે કર્મજ્ઞાનના પ્રચાર પ્રસારમાં નિસ્વાર્થ ભાવે કાર્ય કરી રહેલા કર્મયોગી અને મોટીવેશન ગુરુ ડો રાજીવ મિશ્રા સંચાલિત કર્મયોગ મંદિર દ્વારા આગામી તારીખ ૨૧ ને શનિવારના રોજ વિશ્વ યોગ દિવસની ગરીમાપૂર્ણ ઉજવણી કરાશે માનસિક અને શારીરિક તંદુરસ્તી માટે યોગ પ્રાણાયામ નો નિયમિત અભ્યાસ જરૂરી છે તેની સાથે જિંદગી માંથી અશાંતિને દૂર કરી દરેક ક્ષણને આનંદ અને મોજથી માણવા કર્મજ્ઞાનનો અભ્યાસ તેનાથી પણ વધારે આવશ્યક છે યોગ દિવસ નિમિત્તે ડોક્ટર રાજીવ મિશ્રા દ્વારા યોગ પ્રાણાયામના અભ્યાસ સાથે ભગવાન શ્રીકૃષ્ણ રચિત કર્મ વિજ્ઞાનની પણ સરળ ભાષામાં સમજણ અપાશે વિશ્વ યોગ દિવસની ઉજવણી સાથે કર્મયોગ મંદિરમાં યોગ સાથે કર્મયોગના જોડાણથી બનશે મહાયોગ આ ઉજવણીમાં ભાગ લેવા કર્મયોગ મંદિર દ્વારા શહેરીજનોને આમંત્રણ પાઠવવામાં આવ્યું છે યોગ પ્રાણાયામના અભ્યાસ માટે યોગમેટ લાવી જરૂરી છે.કર્મયોગ મંદિર ખાતે સવારે ૭ થી ૮ દરમિયાન પ્રાણાયામ યોગાસન પ્રાર્થના તેમજ હાસ્યસન સાથે ૮ થી ૮૧૫ દરમિયાન કર્મજ્ઞાનની સરળ ભાષામાં ડો રાજીવ મિશ્રા દ્વારા પ્રસ્તુતિ કરાશે આ નિશુલ્ક કાર્યક્રમ કર્મયોગ મંદિર જુબેલીબાગ પાસે રાજકોટ ડિસ્ટ્રિક્ટ બેંકની બાજુમાં યોજાશે વધુ વિગત માટે ડો. મિશ્રા ના whatsapp નંબર ૮૫૧૧૮૨૯૦૦૨ પર સંપર્ક કરવો

# સેવા સહકાર ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા નિઃશુલ્ક સોમનાથ જાત્રા




**મુખ્ય સમાચાર, રાજકોટ**

સેવા સહકાર ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા નિઃશુલ્ક સોમનાથ મહાદેવના દર્શનનું એક દિવસીય સુંદર આયોજન તા. ૨૨/૦૬ રવિવારના રોજ ૬૦ વર્ષ અથવા તેથી વધુ ઉમર ના વડીલો માટે કરવામાં આવ્યું છે. જાત્રામાં શ્રદ્ધાળુ વહેલા તે પેહલા ના ધોરણે નોંધણી કરી લઈ જવામાં આવશે

આયોજનની ખાસ વાત કરીએ તો જાત્રાળુને આરામદાયક મુસાફરી માટે ખાસ એ.સી.કોચ (બસ) કરવામાં આવી છે, ઉપરાંત સમયબદ્ધ ભોજન સહ ચા-પાણીની વ્યવસ્થા ટ્રસ્ટ દ્વારા કરવામાં આવી છે.

શ્રદ્ધાળુને કોઈ પણ તકલીફના પડે તે માટે ખાસ સેવા સહકાર ચેરિટેબલ ટ્રસ્ટના કૂલ ૨૦ સ્વયંસેવક સભ્યો સેવા માટે તત્પર હાજર રહેશે.

સવારે ૬ કલાક થી લઈને રાત્રે ૧૧ કલાક સુધીની જાત્રા સમયસર પૂર્ણ થાય તેવી જેહમત સેવા સહકાર ચેરિટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટીશ્રીઓ પાર્થરાજસિંહ ચૌહાણ, હાર્દિક ડોડીયા, રવિ પંચોટિયા, હાર્દિક ગજેરા, જલાધી ઝવેરી દ્વારા ઉઠાવવામાં આવી છે.

વધુ વિગત માટે ૯૦૧૯૮ ૯૯૯૯૯ નંબર પર સંપર્ક કરવો.

# રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તા.૨૧મી જુન ‘‘વિશ્વ યોગ દિવસ’’ નિમિતે શહેરના પાંચ સ્થળોએ યોગ નિદર્શનનું આયોજન

**મુખ્ય સમાચાર, રાજકોટ**

યોગ એ આપણી ભારતીય સંસ્કૃતિની દેન છે. પ્રાચીન ભારતીય પરંપરા દ્વારા માનવજાતને અપાયેલી એક અમૂલ્ય ભેટ એવી યોગ વિદ્યાને વિશ્વ ફલક ઉપર લાવવા તથા માનવજાતને આરોગ્ય, સુખાકારી અને માનવતા તરફ દોરવાના ઉમદા હેતુથી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા સંયુક્ત રાષ્ટ્રસંઘની ૬૯મી સામાન્ય સભા સમક્ષ ૨૧મી જુનને ’આંતરરાષ્ટ્રીય યોગ દિવસ’’ તરીકે ઉજવવા કરેલ પ્રસ્તાવને સયુંક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા મંજુર કરવામાં આવેલ. જેના ભાગરૂપે સમગ્ર વિશ્વમાં તારીખ ૨૧મી જુનના દિવસને ’આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે ઉજવવામાં આવે છે.યોગનો પ્રચાર પ્રસાર થાય અને યોગને પ્રોત્સાહન મળે તે માટે આ વર્ષે પણ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તા.૨૧-મી જુન ‘‘વિશ્વ યોગ દિવસ’’ નિમિતે શહેરના પાંચ સ્થળોએ યોગનું આયોજન કરવામાં આવેલ છે. આ યોગ કાર્યક્રમના આયોજન અંગે જરૂરી ચર્ચા-વિચારણા કરવા માટે મેયર નયનાબેન પેઢડીયાનાં અધ્યક્ષ સ્થાને તા.૧૮-૦૬-૨૦૨૫ના રોજ સેન્ટ્રલ ઝોન કચેરી, કોન્ફરન્સ હોલમાં એક મીટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાંસ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જયમીન ઠાકર, મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, દંડક મનીષભાઈ રાડિયા, સમાજ કલ્યાણ સમિતિના ચેરમેન સુરેન્દ્રસિંહ વાળા, શિક્ષણ સમિતિ ચેરમેન વિક્રમભાઈ પૂજારા, શિક્ષણ સમિતિ વાઈસ ચેરમેન ડૉ. પ્રવિણભાઇ નિમાવત, નાયબ મ્યુનિસિપલ કમિશનરઓ મનીષ ગુરવાની, ચેતન નંદાણી અને હર્ષદ પટેલ, રાજકોટ મહાનગરપાલિકાના વિવિધ સમિતિના ચેરમેનઓ, કોર્પોરેટરઓ, શિક્ષણ સમિતિના સભ્યો, વિવિધ સામાજિક સંસ્થા તથા યોગ સંસ્થાના પ્રતિનિધિઓ, રાજકોટ મહાનગરપાલિકાના અધિકારીશ્રીઓ-કર્મચારીઓ વિગેરે ઉપસ્થિત રહ્યા હતા. આ તકે ગુજરાત રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી સ્વ. વિજયભાઈ રૂપાણીને શ્રધ્ધાંજલિરૂપે ઉપસ્થિત સૌએ બે મિનિટ મૌન પાડ્યું હતું.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ‘‘વિશ્વ યોગ દિન’’ નિમિતે શહેરમાં કુલ પાંચ સ્થળોએ યોગનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં (૧) સેન્ટ્રલ ઝોન,શ્રી માધવરાવ સિંધિયા ક્રિકેટ ગ્રાઉન્ડ, રેસકોર્ષ (૨) વેસ્ટ ઝોન, ટી.પી. પ્લોટ, નાના મૌવા સર્કલ પાસે, ૧૫૦ ફુટ રિંગ રોડ(૩) ઈસ્ટ ઝોન,શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ શાળા ગ્રાઉન્ડ, સંત કબીર રોડ (૪) ખાસ કેટેગરીના વ્યક્તિઓમાટે મહાત્મા ગાંધી મ્યુઝિયમ કેમ્પસ, જ્યુબિલીચોક પાસે, જવાહર રોડ અને (૫) ફક્ત મહિલાઓ માટે એક્વા યોગા શ્રી જીજાબાઈ મહિલાસ્નાનાગાર, સાધુવાસવાણી રોડ ખાતે યોગનું આયોજન કરવામાં આવેલ છે.

# ઓટી આસિસ્ટન્ટ નર્સિંગ એસો. ઓફ રાજકોટ દ્વારા વિજયભાઇ રૂપાણીને ભાવપૂર્ણ શ્રધ્ધાંજલિ પાઠવાઇ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના ઓટી આસિસ્ટન્ટ નર્સિંગ એસોસિએશન દ્વારા રાજકોટના પનોતા પુત્ર અને ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી સ્વ. વિજયભાઇ રૂપાણીની ભાવપૂર્ણ શ્રધ્ધાંજલિ પાઠવાઇ હતી. એસોસિએશનના પ્રમુખ પ્રકાશભાઇ મહેતાએ જણાવ્યું હતું કે, વિજયભાઇ સનિષ્ઠ કાર્યકર હતા. તેઓ સમાજ સેવાના રંગે રંગાયેલા અને ખુબ મીલનસારના સંવેદનશીલ સૌને સાથે રાખીને ચાલનારા વિજયભાઇનું ગોઝારી વિમાન દુર્ઘટનામાં દુઃખદ નિધન થતા તેઓની ખોટ પુરી શકાય તેમ નથી. આ તકે તેઓને ઓટી આસિસ્ટન્ટ નર્સિંગ એસોસિએશન રાજકોટના પ્રમુખ પ્રકાશભાઇ મહેતા, કેતન ગોંડલીયા, મહેશ ગોસ્વામી, ભરતભાઇ વડાલીયા, અશોક ચૌહાણ તેમજ પ્રશાંત અગ્રાવત દ્વારા ભાવભરી શ્રધ્ધાંજલિ પાઠવાઇ હતી.

# વી.વી.પી. દ્વારા વિજયભાઈ રૂપાણીને શ્રધ્ધાંજલી





**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના પનોતા પુત્ર, પુજીત રૂપાણી મેમોરિયલ ટ્રસ્ટ ના માધ્યમ થકી નબળા પરિવારના અનેક વિદ્યાર્થીઓને શ્રેષ્ઠ કારકિર્દી ઘડતર માટે ઉચ્ચ અભ્યાસની શૈક્ષણિક અને આર્થિક સહાય આપી આ નબળા પરિવારોને આર્થિક અને સામાજિક રીતે સધ્ધર કરનાર ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના દુઃખદ અવસાન થતા તેમને શ્રદ્ધાંજલિ આપવા માટે વ્યવસાયી વિદ્યા પ્રતિષ્ઠાન (વી.વી.પી.) સંચાલિત એન્જીનીયરીંગ કોલેજ, ઈન્દુભાઈ પારેખ સ્કૂલ ઓફ આર્કીટેકચર, કીચ સ્કૂલ ઓફ ડિઝાઇન દ્વારા આયોજીત પ્રાર્થનાસભામાં સર્વે ટ્રસ્ટી કૌશિકભાઈ શુકલ, ડૉ. સંજીવભાઈ ઓઝા, ડૉ. નરેન્દ્રભાઈ દવે, ડૉ. નવીનભાઈ શેઠ, નિયામક કિશોરભાઈ ત્રિવેદી, આચાર્ય ડૉ. પીયુષભાઈ વણઝારા, દેવાંગભાઈ પારેખ, તમામ પ્રાધ્યાપક ગણ, કર્મચારીગણ ઉપસ્થિત રહ્યા હતા. પ્રસ્તુત પ્રાર્થનાસભામાં ટ્રસ્ટી કૌશિકભાઈ શુક્લ એ અશ્રુભીની શ્રદ્ધાંજલિ આપતા જણાવ્યું હતુ કે રાજકોટના પનોતા પુત્ર, દેશ સેવા-સમાજ સેવાના રંગે રંગાયેલા, ખૂબ સરળ-સહજ -મિલનસાર-સંવેદનશીલ, સૌને સાથે રાખી ચાલનારા, સૌના હૃદયસ્થ તેમજ વી.વી.પી.ની વિકાસયાત્રામાં સદૈવ સક્રિય સાથ આપનાર એવા પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના ગોઝારી વિમાન દુર્ઘટનામાં દુઃખદ નિધન થી એક દેશભકત ગુમાવી પૂરી ન શકાય તેવી ખોટ પૂરા દેશ માટે સર્જાણી છે. આ તકે ડૉ. પીયુષભાઈ વણઝારા તથા શ્રી દેવાંગભાઈ પારેખે પણ શાબ્દિક શ્રધ્ધાંજલિ આપેલ.

વ્યવસાયી વિદ્યા પ્રતિષ્ઠાન (વી.વી.પી.) સંચાલિત એન્જીનીયરીંગ કોલેજ, ઈન્દુભાઈ પારેખ સ્કૂલ ઓફ આર્કીટેકચર, કીચ સ્કૂલ ઓફ ડીઝાઈનના ટ્રસ્ટીગણ, આચાર્ય, પ્રાધ્યાપક ગણ, કર્મચારીગણ અને વિદ્યાર્થીગણ વિજયભાઈ રૂપાણી તથા આ ગોઝારી દુર્ઘટના માં મૃત થયેલ તમામના આત્માની શાંતિ અર્થે પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરે છે. વિજયભાઈ ના પરિવારને રાજકોટ-ગુજરાત-દેશને તથા આપણને સૌને ઈશ્વર આ પ્રચંડ આઘાત સહન કરવાની શક્તિ આપે એ જ પ્રાર્થના.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# અહો આશ્ચર્યમઃ હોટલમાં બાંગ્લાદેશની સગીરા પાસે દેહવ્યાપાર... પોલીસનું ભેદી મૌન???



## મહત્વની ખાસ બ્રાંચના ધુધવાતા પોલીસમેને મામલો રફેદફે કર્યાની ચર્ચાઃ પુરૂષ અને મહિલાની વાતચીતનો ઓડિયો વાઇરલ થતા સમગ્ર ઘટનામાં ભાંડો ફૂંટયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કાશ્મીરના પહલગાવમાં આંતકવાદી હુમલા બાદ ગુજરાત સરકાર દ્વારા અલગ-અલગ શહેરોમાં રહેતા ગેરકાયદેસર અન્ય દેશના લોકોને ખસેડવાની કામગીરી હાથ ધરવામાં આવી છે ત્યારે રાજકોટમાં શહેર પોલીસ દ્વારા અલગ-અલગ વિસ્તારોમાં હોટલોમાં, ગેસ્ટહાઉસમાં ચેકિંગ હાથ ધરી કાર્યવાહી કરવામાં આવી રહી છે. અમદાવાદમાં પ્લેનક્રેશની દુઘર્ટનામાં અવસાન પામેલા ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીની અંતિમયાત્રા રાજકોટના વિવિધ માર્ગો પરથી નિકળવાની હોય અને આ અંતિમ યાત્રામાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઇ પટેલ, રાજયના ગૃહમંત્રી હર્ષ સંઘવી સહિતના ભાજપના દિગ્ગજ નેતાઓ તથા મહાનુભાવો આવ્યા હોય તે પૂર્વે રાજકોટ શહેર પોલીસ દ્વારા કોઇ ઘટના ન બને તે માટે ચાપતો બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો અને શહેરની મહત્વની ખાસ બ્રાંચ દ્વારા હોટલો-ગેસ્ટહાઉસમાં ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું તે દરમ્યાન મીલપરામાં આવેલી એક હોટલમાં ત્રણ લલનાઓ (પરપ્રાંતિ યુવતીઓ) મળી આવી હતી. જયારે ગોંડલ રોડ પર વિજયપ્લોટ નજીક આવેલી એક હોટલમાંથી અન્ય પાંચ લલનાઓ (પરપ્રાંતિય યુવતીઓ) મળી આવી હતી. પોલીસે આ અંગે પ્રાથમિક તપાસ શરૂ કરી હતી અને લાગતા વળગતા પોલીસ મથકે આ તમામ યુવતીઓને લઇ જવામાં આવી હતી અને તેઓને અહિંયા હોટલમાં લાવનાર વ્યકિતઓની શોધખોળ શરૂ કરી હતી.

પરંતુ શહેરમાં એક પુરૂષ અને મહિલા વચ્ચેની વાતચીતનો ઓડિયો વાઇરલ થતા ભારે હડખંપ મચી જવા પામ્યો હતો. મહત્વની ખાસ બ્રાંચના એક ધુધવાતા પોલીસમેને વરવી ભુમીકા ભજવી આ મામલો રફેદફે કરી દેવામાં આવ્યો હોય તેવી ચર્ચાઓ વહેતી થઇ છે.

## વાઇરલ થયેલ ઓડિયોમાં મહિલા અને પુરૂષ વચ્ચેની વાતચીતના અંશ

મહિલાઃ હા ભાઇ બોલોને ?
પુરૂષઃ હવે શું બોલું કાલ કામ હતું આજે ૨૪ કલાક પછી ફોન કર્યો વાહ ભાઇ વાહ
મહિલાઃ શું થયું એ મેટરને?
પુરૂષઃ ચાલુ રાખો એક ચાર ચોક આવ્યો,
મહિલાઃ શું થયું? ચાર
પુરૂષઃ સાઇડમાં ઉભી રાખું
મહિલાઃ એ હા
પુરૂષઃ તબિયત કેમ સારી છે?
મહિલાઃ હા સારી છે
પુરૂષઃ શું થયું હતું?
મહિલાઃ મને પગમાં મુઢીયું ગુમડું થયું છે મજા નથી
પુરૂષઃ ઠીક બહુ કહેવાય
મહિલાઃ હા
પુરૂષઃ એમા કાલે આપડે રાજુભાઇ રહીયાને
મહિલાઃ હા
પુરૂષઃ એની ન્યા બે છોકરીઓ હતી, હવે રાજુભાઇને ખબર નહીં એક ૧૭ વર્ષ છોકરી છે અને એક ૩૦-૩૫-૪૦ વર્ષની
મહિલાઃ હા
પુરૂષઃ બેઇ બાંગ્લાદેશી છે ઇ ખબર ન હોતી
મહિલાઃ હાઇ હાઇ
પુરૂષઃ આઇડી બેઇના વડોદરાના હતા
મહિલાઃ પછી
પુરૂષઃ પહેલા આપડે ત્યાં હોટલે આવ્યા પોલીસ વાડા
મહિલાઃ હા પછી બધેય આવ્યા
પુરૂષઃ મનોજભાઇને ન્યા પડયા
મહિલાઃ મનોજભાઇની વસ્તુ ઉપાડી, બધાની વસ્તુ ઉપાડી
પુરૂષઃ મનોજભાઇની ત્રણ વસ્તુ ન્યા આવી ગઇ અને બે આપડી એટલે પાંચ થઇ, બીજી બે-બે, ત્રણ-ત્રણ વસ્તુ લાવ્યા કેડીએમમાં ગયા હતા. ફરતે આટો મારી લીધો એ લોકોએ
મહિલાઃ શું હતું તો? કાલ ચેકિંગ હતું?
પુરૂષઃ હા ચેકિંગ હતું, કમિશનરનો આદેશ હતો, પછી ઉપાડયા પછી રાજુભાઇને ફોન કર્યો બોલાવ્યા હોટલે આવ. રાજુભાઇ આવ્યા આ કયાંના છે એટલે રાજુભાઇએ કિધુ વડોદરાના છે. લેડિસ પોલીસ તો હોઇ સાથે
મહિલાઃ હા હોઇ
પુરૂષઃ ઓલી છોકરીને ધમકાવી. હાલેય હાચુ બોલ
મહિલાઃ હા
પુરૂષઃ કયાં ના છો તમે, ઇ બોલી ગઇ મે તો બાંગ્લાદેશે હું
મહિલાઃ એ માં...
પુરૂષઃ હાલ બાંગ્લાદેશથી કાગળ મંગાવ, પછી એની માં પાસે વોટ્સઅપ કોલ કરી કાગળીયા મંગાવ્યા તો જન્મ તારીખ જોઇ તો
મહિલાઃ રાજયા આગળ બાંગ્લાદેશની છોકરી હતી!
પુરૂષઃ હા બેય છોકરી બાંગ્લાદેશની હતી
મહિલાઃ હે માં... મરાય ગયા એમાં તોતો
પુરૂષઃ અને બીજી એક છોકરી હતી ને
મહિલાઃ હા
પુરૂષઃ એના ડોકયુમેન્ટ પોલીસે બાંગ્લાદેશથી મંગાવ્યા પોલીસ વાળાઓએ
મહિલાઃ હાહા
પુરૂષઃ એમાં મગજમારી એવી ખુચલી કે એનો જન્મ ૨૦૦૮માં છે. ૮થી ૨૦૨૫ હિસાબ કરો તો ૧૭ વર્ષ થાય
મહિલાઃ હા
પુરૂષઃ પોલીસે પ્લાન એવો કર્યો કે ૧૭ વર્ષની છોકરી છે ને
મહિલાઃ હું
પુરૂષઃ છોકરીને દબાવી અને બિવડાવી એટલે છોકરીએ નામ દિધુ કહી દે કે મને રાજુભાઇ લાવ્યા છે. હું નાબાલીક છું.
મહિલાઃ હા
પુરૂષઃ રાજુભાઇ ઉપર કામ ઉતારવા માટે પોકસો કરી નાખે, રાજુને પાંચ-છ વર્ષ અંદર વયા જાય
મહિલાઃ હ
પુરૂષઃ પોકસો લાગે એટલે
મહિલાઃ પછી
પુરૂષઃ રાજુભાઇ તમારૂ કીધુ કે એને ફોન કરો પોલીસમાં એ મોમેડિયનનો ભાઇ રહ્યોને એ એને ઓડખે છે. એટલે તમને ફોન કર્યો એટલે તમે કિંધુ હું બિમાર છું ને આમ છું ને તેમ છું. પણ પછી મેં બાંભરવા ડીસીપી રહ્યામેં એને ફોન કર્યો એણે ક્યિુ મારામાં એસઓજી નથી આવતું પાર્થરાજ સાહેબ ગોહેલ રહ્યાને એને ફોન કરો ઇ કે
મહિલાઃ હા
પુરૂષઃ મેં કિંધુ ઇ મારા મિત્ર એને ફોન કરૂ.
મહિલાઃ હા
પુરૂષઃ પછી મેં એને ફોન કર્યો એને એસઓજીના પીઆઇને ફોન કર્યો.
મહિલાઃ હા
પુરૂષઃ પછી રાજુભાઇને જાવા દિધા નહીંતર તો રાજુભાઇની ....... તુટી જાત
મહિલાઃ પછી
પુરૂષઃ રાજુભાઇને કાલ રાતે માંડ છોડાવ્યા ભલામણ કરાવી કરાવીને


ઓડિયો વાયરલ થયો હોય પરંતુ તેની ખરાઇ અંગે મુખ્ય સમાચાર કોઇ પુષ્ટી કરતું નથી. સોશિયલ મીડિયામાં વાયરલ થયેલા આ ઓડિયોના અંશ મહિલા અને પુરૂષ વચ્ચે થયેલી ટુંકી વાતચીતના છે.

# હત્યાના પ્રયાસ અને માદક પદાર્થના વેપલાના ગુનામાં બે શખ્સો પાસામાં ધકેલાયા

### પાસા દરખાસ્ત તૈયાર કરી બંનેને સાબરમતી અને રાજપીપળા જેલ હવાલે કર્યા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરભરમાં નામચીન ગુનેગારોને પાસાના પીંજરે પુરવા માટે પોલીસે કવાયત શરૂ કરી છે. ત્યારે હત્યાના પ્રયાસમાં સંડોવાયેલા રૈયાધારના શખ્સ અને માદક પદાર્થોની હેરાફેરીમાં સંડોવાયેલા સામાકાંઠાના શખ્સને પાસા હેઠળ એસઓજી અને યુનિવર્સિટી પોલીસે સાબરમતી અને રાજપીપળા જેલ હવાલે ધકેલી દીધા છે.ગુનાખોરી સામે પોલીસ કમિશ્નર




બ્રજેશકુમાર ઝાએ પાસાનું શસ્ત્ર ઉગામ્યું છે. તે દરમિયાન શહેરના રૈયાધાર મફતીયાપરામાં રહેતાં ભવદીપ ઉર્ફે યશ પરેશ ડાભી જેની સામે હત્યાના પ્રયાસના બે ગુના સહિતના ચાર જેટલા ગુના યુનિવર્સિટી પોલીસ મથક અને ગાંધીગ્રામ પોલીસ મથકમાં નોંધાયેલા હોય જેને પાસામાં ધકેલવા માટે દરખાસ્ત તૈયાર કરવામાં આવી હતી. પોલીસ કમિશ્નરે તેને મંજુરી આપતાં ભવદીપ ડાભીને યુનિવર્સિટી પોલીસ મથકના પીઆઈ એચ.એન.પટેલ અને તેમની ટીમે ઝડપી લઈ અમદાવાદ સાબરમતી જેલ ખાતે ધકેલી દીધો હતો.

જ્યારે એસઓજી દ્વારા શહેરના પેડક રોડ પર ગાંધીસ્મૃતિ સોસાયટી શેરી નં.૨ જયગાત્રાળ નામના મકાનમાં રહેતા હર્ષ દેવાભાઈ ચાવડીયા (ઉ.૧૯)ને પાસા હેઠળ રાજપીપળા જેલ હવાલે મોકલી આપવામાં આવ્યો હતો. હર્ષ સામે નાર્કોટીકસ એકટ હેઠળ માદક પદાર્થોની હેરાફેરી અંગેનો ગુનો નોંધાયો હતો. નાર્કોટીકસ ડ્રગ્સ અને સાયકોટ્રોપીક સબસ્ટ નના ગેરકાયદેસર વેપારને અટકાવવા માટે ૧૯૮૮નાં કાયદા હેઠળ પોલીસ કમિશનર દ્વારા ખાસ કેસમાં માદક પદાર્થોનો વેપાર કરતાં શખ્સો ઉપર અંકુશ મેળવવા માટે પાસા હેઠળ જેલ હવાલે ધકેલવાનો હુકમ કર્યો હતો. એસઓજીના પીઆઈ એસ.એમ. જાડેજા તથા પીએસઆઈ વી.વી.ધ્રાંગુ અને તેમની ટીમે હર્ષ ચાવડીયાની ધરપકડ કરી તેને રાજપીપળા જેલ હવાલે કર્યો હતો.

# વિરાણી સ્કૂલના મેદાનમાં ચાલતા બોક્સ ક્રિકેટ અને ફૂડ ઝોન આવ્યા વિવાદમાં

### પાંચ બોક્સ ક્રિકેટ અને ફૂડ ઝોન મારફતે કોમર્શિયલ ઉપયોગ થતો હોવાનો ધગધગતો રિપોર્ટ થયો તૈયાર

**મુખ્ય સમાચાર, રાજકોટ**

વિરાણી હાઈસ્કૂલની જમીનના મામલે શરત ભંગનો વધુ એક રિપોર્ટ પશ્ચિમ તાલુકા મામલતદાર અજીત જોષી દ્વારા સીટી પ્રાંત-૧ અધિકારી ડો.ચાંદની પરમારને સોંપી દેવામાં આવેલ છે. હાલ વિરાણી સ્કૂલની જગ્યામાં બોક્સ ક્રિકેટ અને ફુડ ઝોન ચાલે છે મેદાનનો ખુલ્લેઆમ કોમર્શીયલ ઉપયોગ થતો હોય શસ્તભંગનો રિપોર્ટ તૈયાર થયો છે.

આ પ્રકરણમાં હવે સુનાવણી નવા જિલ્લા કલેકટર ડો.ઓમ પ્રકાશ દ્વારા કરવામાં આવશે તેમ સુત્રોએ જણાવ્યું હતું. પશ્ચિમ તાલુકા મામલતદાર જોશી દ્વારા વિરાણી હાઈસ્કૂલની ગ્રાઉન્ડની જમીન પર ખાણી પીણીની રેકડીઓ રાખી વેપાર કરતા વેપારીઓના નિવેદનો સાથેનો આ અહેવાલ સીટી પ્રાંત-૧ અધિકારી ચાંદની પરમારને સોપવામાં આવેલ છે. જેમાં શરત ભંગ થયાનું સામે આવેલ છે. આ રિપોર્ટ હવે સીટી પ્રાંત-૧ અધિકારી ચાંદની પરમાર દ્વારા કલેકટરને આગામી બે ત્રણ દિવસમાં જ સોપી દેવામાં આવનાર હોવાનું જાણવા મળ્યું છે.

અહીં એ ઉદલ્લેખનીય છે કે રાજકોટ જિલ્લા કલેકટર તંત્ર દ્વારા વિરાણી હાઈસ્કૂલ ટ્રસ્ટને રેવન્યુ સર્વે નં.૪૨૭ની ૪૯૭૨૦ ચો. વાર જમીન ફાળવવામાં આવેલ જેમાં એવી શરત મુકવામાં આવેલ છે કે આ જમીનના કોઈપણ ભાગને ભાડે આપી શકાય નહીં કે આ જમીન ભાડે આપી નફો મેળવી શકાશે નહીં.

તેમજ અદલા બદલામાં કે બીજી રીતે સંસ્થાની જમીન આપી શકાશે નહીં આ પ્રકરણમાં અગાઉ પણ સીટી પ્રાંત-૧ અધિકારી ચાંદની પરમાર દ્વારા સંસ્થાના ટ્રસ્ટીઓને લપડાક આપતો ચૂકાદો આ પ્રકરણમાં આપેલ હતો. તેમ છતા વિરાણી હાઈસ્કૂલની જમીનનો કોમર્શીયલ ઉપયોગ થતો હોવાની ફરિયાદો આવતા પશ્ચિમ તાલુકા મામલતદાર જોશી દ્વારા વિરાણી હાઈસ્કૂલની જમીન પર ખાણી પીણીનો વેપાર કરતા ૨૦ જેટલા વેપારીઓના નિવેદનો લઈ આ અંગેનો રિપોર્ટ સીટી પ્રાંત-૧ અધિકારી ડો.ચાંદની પરમારને સોંપી દીધેલ છે.

# શહેરમાં રોગચાળો વકર્યો બે માસુમ બાળાના બિમારીથી મોત

### ૯ વર્ષની બાળકીને કમળો અને ૬ વર્ષની બાળકીને ઝાડા-ઉલ્ટી થયા હતા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં છેલ્લા થોડા દિવસથી મેઘરાજાનું આગમન થયું છે. તેમાં પણ છેલ્લા બે દિવસથી ઝાપટાઓ વરસતા ચો તરફ કિચડનું સામ્રાજ્ય સર્જાયું છે. આ વરસાદી વાતાવરણ વચ્ચે રોગચાળો પણ વકર્યો છે. જેમાં બે બાળકીઓ ઝાડા-ઉલ્ટી અનેકમળા જેવા રોગમાં સપડાતા બન્નેના મોત નિપજ્યા છે.

જાણવા મળતી વિગત મુજબ, રાજકોટના યાર્ડ પાસે સાગરનગર-૯માં રહેતાં રામાભાઈ ભાંગરાની દિકરી વિજ્યા (ઉ.વ.૯)ને કમળો થઈ ગયો હોઈ અમદાવાદ સારવાર કરાવાઈ હતી. બાદમાં નાના મવા રોડ પરની ચિલ્ડ્રન હોસ્પિટલમાં દાખલ કરાઈ હતી. પરંતુ સારવાર દરમિયાન દમ તોડી દેતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. વિજ્યા ત્રણ બહેન

અને એક ભાઈમાં વચેટ હતી અને ધોરણ-૫માં અભ્યાસ કરતી હતી. તેને કમળો થયા બાદ લીવર અને મગજ પર અસર થઈ ગઈ હતી. તેણીના પિતા જેસીબીનો વ્યવસાય ધરાવે છે. હોસ્પિટલ મારફત જાણ થતાં આજીડેમ પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી. લાડકવાયીના મોતથી પરિવારમાં ગમગીની છવાઈ ગઇ હતી. બીજી ઘટનામાં કાલાવડ રોડ પર વિરડા વાજડીમાં રહેતાં મુળ દાહોદના અમિતભાઈ બામણીયાની દિકરી ધ્રુવી (ઉ.વ.૬)ને પરમ દિવસે ઝાડા થઈ જતાં તબિયત બગડતાં

મેટોડા ખાનગી હોસ્પિટલમાં સારવાર કરાવાઈ હતી. ડોક્ટરે દવા આપી સારુ ન થાય તો રિપોર્ટ કરવાની સલાહ આપી હતી. પરંતુ બીજા દિવસે એટલે કે ગઈકાલે ધ્રુવીની તબિયત વધુ બગડતાં અને બેભાન થઈ જતાં રાજકોટ ઝનાના હોસ્પિટલના બાળકોના વિભાગમાં દાખલ કરવામાં આવી હતી. અહિ તેણીનું સારવાર દરમિયાન મોત થતાં પરિવારમાં શોક છવાઈ ગયો હતો. હોસ્પિટલ દ્વારા એ-ડિવીઝન પોલીસને અને ત્યાંથી યુનિવર્સિટી પોલીસને જાણ કરવામાં આવતાં એએસઆઇએ જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડયો હતો. ધ્રુવી ત્રણ બહેન અને એક ભાઇમાં બીજા નંબરે હતી. તેના પિતા સીએનસી કંપનીમાં નોકરી કરે છે. મૃતદેહને અંતિમવિધી માટે વતન લઇ જવાયો હતો.

# ટ્રાવેલ્સ સંચાલકની થાર ભાડે લઇ ગયા બાદ શખ્સે આચરી છેતરપિંડી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મવડી મેઈન રોડ પર રહેતા અને પાનની દુકાન ચલાવતા જયદિપભાઈ ભરતભાઈ તન્ના ઉ.વ.૩૦એ માલવીયાનગર પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે નાનામવા રોડ પર આરએમસી કવાર્ટરમાં રહેતા મોહીત કિશોરભાઈ કુકડીયાનુ નામ આપ્યું છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ તૈઓ બે દિવસનું કહી લઈ ગયા પછી ફોન બંધ કરી દઈ કાર પરત નહિ કરનાર શખ્સ વિરુદ્ધ ફરિયાદ જીગ્નેશભાઈ રાજયગુરુ સાથે પાર્ટનરમાં મવડી મેઈન રોડ પર ચામુડા ટ્રાવેલ્સના નામે ઓફિસ ધરાવી કાર ભાડે આપવાનો ધંધો કરે છે. ગત તા.૮ના સાંજે આરોપી મોહીતનો ફોન આવેલો અને થાર ભાડે જોતી હોવાનુ જણાવ્યુ હતુ જેથી તેમણે એક દિવસનું રૂા.૪ હજાર ભાડુ નક્કી કરી બે દિવસ માટે મોહીત મવડી રોડ પર આવેલી તેમની ઓફિસેથી થાર ભાડે લઇ ગયો હતો. ત્યારબાદ ત્રીજા દિવસે ફોન કરતા 'હું આવતીકાર તમારી કાર મુકી જઈશ તેમ કહ્યું હતુ ત્યાર બાદ અવાર નવાર ફોન કરતા તે બહાના બતાવતો હોય અને છેલ્લા ૧૫ દિવસ ફોન સ્વીચઓફ કરી દેતા ફરિયાદીને તેની સાથે વિશ્વધાત થયાનુ જણાય આવતા તેમણે માલવિયાનગર પોલીસ મથકમાં આરોપી મોહિત તેની રૂા.૧૩ લાખની થાર કાર ભાડે લઇ ગયા બાદ પરત ન આપી વિશ્વધાત કર્યાની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# શહેરમાં નિવૃત્ત ડેપ્યુટી કલેકટર સાથે રૂા. ૬૪ લાખની છેતરપિંડી

### જામનગર રોડ પર રહેતા દિનેશકુમાર નીનામાને શેરબજારમાં રોકાણ કરાવી ઉંચો નફો બતાવી ગઠિયાઓએ પૈસા પડાવ્યા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના જામનગર રોડ પર લોટસ કોમ્પલેક્સમાં રહેતાં અને પાટણ ખાતે ડેપ્યુટી કલેક્ટર તરીકે ફરજ બજાવી નિવૃત્ત થયેલા અધિકારી સાથે સાયબર ગઠિયાઓએ ૬૪ લાખની છેતરપિંડી આચરતાં ખળભળાટ મચી જવા પામ્યો હતો.

આ અંગે નિવૃત્ત ડેપ્યુટી કલેક્ટર દિનેશકુમાર સળિયાજી નિનામાએ સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું કે ગત તા.૬ જાન્યુઆરીએ તેમના વૉટસએપ નંબર ઉપર શેરબજારમાં રોકાણ કરી નફો કમાવવા માટેનો મેસેજ આવ્યો હતો. આ પછી તેમણે મેસેજ મોકલનાર સાથે વાતચીત કરતાં રોકાણ કરવામાં તેમને રસ પડયો હતો. ત્યારબાદ દિનેશકુમાર નીનામા નામનું એકાઉન્ટ બનાવવામાં આવ્યું હતું, તેમને ગ્રુપમાં એડ કરવામાં આવ્યા હતા અને પ્લે સ્ટોર પરથી એક એપ્લીકેશન ડાઉનલોડ કરાવવ-ામાં આવી હતી.

આટલી પ્રક્રિયા બાદ દિનેશકુમારે શરૂઆતમાં ૫૦,૦૦૦ રૂપિયા જમા કરાવ્યા હતા જે રકમ તેમને નફા સાથે એપ્લીકેશનના વોલેટમાં બતાવી રહી હતી. ત્યારપછી ગઠિયાઓએ આઈપીઓ ખરીદવાની ઓફરના નામે ૧૫ લાખ રૂપિયા મેળવી લીધા હતા જેના બદલામાં આઈપીઓ થકી દિનેશકુમારને ૧૫,૦૦૦ શેર લાગ્યા હોવાનું વોલેટમાં દર્શાવાયું હતું. જે પછી ફરીથી તેમને એક આઈપીઓ લેવા માટેનું સુચન કરવામાં આવ્યું હતું જેના બદલામાં ચાર લાખ શેર લાગ્યા હોવાનું અને તેનું પેમેન્ટ ૧.૬૪ કરોડ રૂપિયા થતું હોવાનું કહેતાં દિનેશકુમાર નીનામાએ આટલા પૈસા પોતાની પાસે ન હોવાનું કહેતાં ગઠિયાઓએ કહ્યું હતું કે અમારા પોર્ટફોલિયો (વોલેટ)માં જે પ્રોફિટ બતાવે છે તે બાદ કરીને રૂા.૮૨ લાખ જેટલી રકમ ભરવાની થશે. જો કે આટલી રકમ ભરવાનો ઈનકાર કરતાં તેમને લોનની ઓફર કરી હતી જે અંગે દિનેશકુમાર સહમત થયા હતા. આ પછી દિનેશકુમારના વોલેટમાં ૧૦ કરોડની રકમ પ્રોફિટ તરીકે દર્શાવાઈ રહી હતી.

જો કે જેવી આ રકમ ઉપાડવાનો પ્રયત્ન કરાયો કે તુરંત જ ૮૨ લાખની લોન ભરપાઈ કરવી પડશે તેવું કહેતાં દિનેશકુમારે પોતાની બચત, એસઆઈપી, વીમા ભેગા કરીને ૪૯ લાખ રૂપિયા અલગ-અલગ બેન્ક એકાઉન્ટમાં ટ્રાન્સફર કરી દીધા હતા. એકંદરે તેમણે કુલ ૬૪.૫૦ લાખ રૂપિયા ગઠિયાઓને આપ્યા હતા. આ પછી પણ પૈસાની માંગણી સતત યથાવત રહેતાં પોતેને છેતરાયા હોવાનું ભાન થયું હતું અને આખરે પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

પોલીસે ગુનો નોંધી તપાસ કરતાં નિવૃત્ત ડેપ્યુટી કલેક્ટરે જે પૈસા જે-જે એકાઉન્ટમાં જમા કરાવ્યા તે એકાઉન્ટસ મહારાષ્ટ્ર સહિતના રાજ્યોમાં હોવાનું ખુલતાં આરોપીઓ સુધી પહોંચવા ટીમ રવાના થઈ હોવાનું જાણવા મળ્યું હતું.

# રાજકોટ બિયારણ લેવા આવેલા ખેડૂતના ખિસ્સામાંથી રિક્ષા ગેંગે ૫૪ હજાર સેરવી લીધા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સુરેન્દ્રનગરના સેજકપર ગામે રહેતા ખેતાભાઈ ગોકળભાઈ સભાડ (ઉ.૬૬)એ - ફરિયાદમાં જણાવ્યું હતું કે, હું ગઈ તા.૧૫/૦૬ના રોજ હું રાજકોટ ખેતીનુ બીયારણ - લેવુ હોય જેથી આવેલ હતો અને મારા દિકરાના ઘરે રોકાયેલ હતો અને ગઈ તા.૧૬/૦૬ના સવારના હું કુવાડવા રોડ સાત હનુમાન મંદિર પાસે દિવેલીયાપરામાં ખેતીનું બિયારણ ખરીદવા માટે મારા દિકરા પાસેથી રૂપિયા ૫૪,૦૦૦/- લઈને નીકળેલ અને ત્યાંથી મારો પૌત્ર સાથે આવવાની જીદ કરતા તેને પણ મેં સાથે લીધેલ અને મારો દિકરો રઘુ મને બાઈક લઈ અને ગ્રીનલેન્ડ ચોકડી ખાતે આસપાસ મુકવા આવેલ અને તે મને ગ્રીનલેન્ડ ચોકડી ખાતે ઉતારી જતો રહેલ હતો.

બાદ હું ચોક પાસે ઉભો હતો ત્યારે એક કાળા કલરની પીળા હુડ વાળી રિક્ષા આવેલ જેમાં પહેલેથી જ પેસેન્જર સીટમાં એક શખ્સ બેસેલ હતો. જે રીક્ષા ડ્રાઈવરે મને પુછેલ કે ક્યાં જાવુ છે જેથી મેં તે રીક્ષા ડ્રાઈવરને કુવાડવા રોડ સાત હનુમાન મંદિર દિવેલીયાપરામાં જવાનુ જણાવતા તેણે પ્રથમ મને ત્યાં જવાનુ વીસ રૂપિયા ભાડુ છે.

કહેલ બાદ રકજક કરતા તે દસ રૂપિયામાં માની ગયેલ અને હું તે રીક્ષામાં મારા પૌત્ર સાથે પાછળની શીટ પર બેસલ હતો.બાદ તે રીક્ષા ત્યાંથી કુવાડવા રોડ પર દરગાહ પાસે પહોચેલ ત્યાં પાછળ બેસેલ શખ્સ ઉલ્ટી થાય છે તેમ કહી મારા ખોળામાં પડી મારી સાથે ધક્કા મુક્કી કરવા લાગ્યો હતો અને રીક્ષ-ામાંથી બહાર મોઢુ કાઢી થુકવા લાગ્યો હતો. જેથી રીક્ષા ડ્રાઈવરે રીક્ષા ઉભી રાખી દિધેલ અને તમે અહીં ઉતરી જાવ આ ભાઈને ઉલ્ટી થાય છે તમારા કપડા બગાડશે તેમ કહી મને તથા મારા પૌત્રને રીક્ષામાંથી ઉતારી દીધા હતા અને આ સમયે ફરિયાદીએ ખિસ્સામાં જોયું તો પૈસા જોવામાં આવ્યા નહોતા અને અને આ સમયે તેઓએ તેમના પુત્રને જાણ કરી બી ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આ ટોળકીને સકંજામાં લેવા તજવીજ શરૂ કરી છે